
Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org


# સાધનાના પથ પર




॥ પૂજ્ય શાંતાબેન ॥

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com




તીર્થધામ શ્રી સ્વર્ણપુરી કા ગૂંજે ભરત ક્ષેત્ર મેં નામ
ભેદજ્ઞાન કી મહિમા જાને ભવ્ય લહે નિજ આતમજ્ઞાન
સીમંધર જિન મંદિર માનસ્થંભ સમવશરણ શોભાવાન
પરમાગમ મેં કુન્દકુન્દ પ્રભુ ગાતે આતમ ગીત મહાન
શુદ્ધાતમ કે અનુપમ સાધક કહાન ગુરુ હૈં જગ વિખ્યાત
પેંતાલિસ વર્ષોં તક જિનકા ઉદિત હુઆ નિત જ્ઞાન પ્રભાત

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# સાધનાના પથ પર




-: પ્રકાશક :-


**પૂજ્ય કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ**

**કહાનનગર, લામરોડ, દેવલાલી.**



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com






-: પ્રાપ્તિ સ્થાન :-

| પૂજ્ય શ્રી કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ | સીમંધર જિનાલય |
| --- | --- |
| કહાનનગર, લામરોડ, દેવલાલી. | ૧૭૩-૧૭૫, મુમ્બાદેવી રોડ, મુંબઈ-૨. |

પડતર કિંમત : રૂા. ૩૫૦-૦૦

-: મુદ્રક :-

"મરક્યુરી પ્રિન્ટર્સ", બી-૨૦૨, ઓક્ષફર્ડ એવન્યુ, સી.યુ. શાહ કોલેજ સામે, આશ્રમરોડ, અમદાવાદ-૧૪.

ફોન : ૦૭૯ - ૨૭૫૪૫૨૧૧ (મો.) ૦૯૩૨૭૦ ૦૭૦૧૬

# પ્રકાશકીય

પૂ. શાંતાબેનને આજે ૯૯ વર્ષ પૂરા થયા છે. આજે ૧૦૦મું વર્ષ બેસે છે. જન્મ શતાબ્દી નિમિત્તે પૂ. બેનના સ્મરણો કાયમ રહે એ હેતુથી એક ફોટો-આલ્બમ 'સાધનાના પથ પર' બહાર પાડવાનું ટ્રસ્ટ તરફથી નક્કી થતાં આજે પ્રકાશિત કરીએ છીએ.

પૂ. ગુરુદેવની હયાતીમાં પૂ. શાંતાબેનનું મોટા ભાગનું જીવન સોનગઢમાં જ વ્યતિત થયું. ગમે તેવી પ્રતિકૂળતામાં પણ પોતાનું હિત કેમસાધી લેવું એ બહેનના જીવનથી સમજાય તે માટે થોડી માહિતી આપવા પ્રયત્ન કર્યા છે.

ફક્ત ૧૬ વર્ષની નાની ઉંમરમાં આઘાતજનક બનાવ બને છે, છતાં ધૈર્ય ધારણ કરી સાંસારિક દુઃખને આત્મહિત પરિણમન કરવાનું એ ઘણું મુશ્કેલ કામ છે.

જેમ જેમ પૂજ્ય ગુરુદેવના સદ્‌ઉપદેશનો લાભ પ્રાપ્ત થતો ગયો તેમ તેમ અંતરમાં અડગતા અને વૈરાગ્યની વૃદ્ધિ થતી ગઈ.

સાથે સાથે ધાર્મિક પ્રસંગો જેવા કે યાત્રા, પંચકલ્યાણક પ્રસંગો વિગેરે વિગેરે. પ્રચાર-પ્રસારમાં પણ તેટલા જ ઉત્સાહથી કામ કરવા લાગ્યાં. પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેની અતિઅર્પણતાને કારણે તેમના સ્વાસ્થ્યની સતત કાળજી રાખતા.

શિસ્ત પ્રત્યેની પોતાની અડગતાનો ખ્યાલ તો એ જમાનાના સર્વ ભાઈ-બહેનોને થતો. વિશેષ કરીને બ્ર. બહેનોને તે લાભ વિશેષ પ્રાપ્ત થતો.

પોતાના આત્મ-હિતાર્થે જતા મુમુક્ષુઓને જેટલો લાભ પૂ. ગુરુદેવશ્રી પાસેથી મળતો - બહેનોને વિશેષમાં તે લાભ પૂ. બેન-બેનશ્રી પાસેથી મળતો.

જ્યારે જ્યારે મુમુક્ષુઓમાંથી કેટલાક તેઓની પાસે વિશેષ લાભાર્થે જતા તો તેમનો હંમેશા એક જવાબ રહેતો, ''પૂ. ગુરુદેવશ્રી ઘણું આપે છે. અમારા પાસે વિશેષ કશું નથી.'' કહી પૂ. ગુરુદેવશ્રીની મહત્તા સમજાવતા.

મુકુંદભાઈ સાથે ભૂતકાળની વાતોથી જાણવા મળ્યું કે મુ. વજુભાઈ - હિંમતભાઈ અને પોતાને (મુકુંદભાઈને) સગા ભાઈઓ જેવો વ્યવહાર હતો. પૂ. બેનશ્રી પણ મુકુંદભાઈને મુકુંદ જ કહેતા અને બળેવને દિવસે રાખડી બાંધતા.

પૂ. બેનશ્રી ચંપાબેન પ્રત્યે પણ બેનને ઘણી ભક્તિ હતી. પૂ. બેનશ્રીના જન્મ દિવસે સવારના પાંચ વાગે તેમના રૂમમાં મળવા જતાં અને દીર્ઘાયુની પ્રાર્થના કરતાં, અભિનંદન આપતાં.

સોનગઢમાં બાળકોની શિબિરોમાં પણ રસ લઈ બાળકોને તત્ત્વ સમજવામાં પ્રોત્સાહિત કરતાં.

પ્રૌઢ શિક્ષણમાં પણ રસ લેતા અને વિદ્વાનોને તૈયાર થતા જોઈ પોતે ખૂબ સંતોષ અનુભવતા. જયપુર વિદ્યાલયોના બાળકોને પ્રવચન કરતાં જોઈ ખૂબ ખુશી વ્યક્ત કરતા.

આદરણીય શ્રી પાટનીજી અને પં. બાબુભાઈ મહેતા ખાસ પ્રસંગો જેવા કે યાત્રા અને પંચકલ્યાણકોમાં બહેનની હંમેશા સલાહ લેતા. આદરણીય પંડિત શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહે પણ તેમને કરેલ પરમાગમોના ગુજરાતી અનુવાદની પ્રસ્તાવનામાં પૂ. બેન અને બેનશ્રી પ્રત્યેનો આદર નીચેના શબ્દોમાં વ્યક્ત કર્યો છે.

''પરમ પૂજ્ય બેન ચંપાબેન તથા પરમ પૂજ્ય બેન શાંતાબેન પ્રત્યે પણ આ અનુવાદની પૂર્ણાહુતિ કરતા ઉપકારવશતાની ઉગ્ર લાગણી અનુભવાય છે. જેમના પવિત્ર જીવન અને બોધ આ પામરને પરમાગમો પ્રત્યે, પરમાગમોના

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

મહાન કર્તા અને પરમાગમોમાં ઉપદેશેલા વીતરાગ વિજ્ઞાન પ્રત્યે બહુમાન વૃદ્ધિના ચરણકમળમાં આ હૃદય નમે છે.''

*(પરમાગમોની પ્રસ્તાવનામાંથી)*

છેલ્લે છેલ્લે પૂ. ગુરુદેવશ્રીનું સ્મારક મુંબઈ મહારાષ્ટ્રમાં બને તેવું ઇચ્છતા પણ મુંબઈમાં મોટી જગા જોઈએ, મોટી રકમ જોઈએ તેવું વિચારતા મહારાષ્ટ્રના દેવલાલી જેવા શાંત અને રમણીય સ્થળે સ્મારકનું નક્કી થતાં ખૂબ આનંદિત થયા અને તેમની પાસે જે કંઈ સંપત્તિ હતી તે દેવલાલી ટ્રસ્ટને અર્પણ કરી.

વિઘ્નો ઘણા હતા - ફંડ વગર કામ ઉપાડેલા પણ મુમુક્ષુઓનો સહકાર ઘણો જ હતો - કાર્યકર્તાઓમાં લોકોનો વિશ્વાસ હતો, તેથી ઘણા જ ટૂંક સમયમાં સ્મારક બની ગયું. આદરણીય શ્રી નેમીચંદજી પાટની તથા પં.શ્રી ભારિલ્લજીને તો વિશ્વાસ જ નો'તો બેસતો કે આટલું મોટું કામ કેવી રીતે પાર પડશે ?

પૂજ્ય ગુરુદેવશ્રીના પુનિત પ્રતાપે અને પૂ.બેન જેવાના માર્ગદર્શનથી કામ પાર પડી ગયું અને આજે દેવલાલી એક મહત્ત્વનું તીર્થ બની ગયું.

આજે પૂ. બેનની જન્મ શતાબ્દિની ઉજવણી નિમિત્તે તેમને યાદ કરી પ્રણામ કરીએ છીએ.

આ આલ્બમ તૈયાર કરવામાં આર્થિક ફાળો આપનાર મુમુક્ષુઓ જેમણે તન-મન-ધનથી પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે આપેલા સહકારનો અમો આ તકે હૃદયપૂર્વક આભાર માનીએ છીએ. તે ઉપરાંત આ પુસ્તકના નિર્માણમાં તન-મન-ધનથી પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે સહભાગી થયેલા પૂ. બેનના નિકટના મુમુક્ષુઓનો પણ આ પ્રસંગે અમો હૃદયપૂર્વક ઋણસ્વીકાર કરીએ છીએ.

તદઉપરાંત બ્ર.શ્રી હેમચંદ્રજી અને પં.અભયકુમાર શાસ્ત્રી અને આદેશ જૈન, જેઓએ આખું આલ્બમ અને તેનું વર્ણન સમય આપી સુધારા-વધારા અને સુઝાવ આપેલ તે બદલ આભાર માનીએ છીએ. બ્ર. રમાબેન તો ઘરનાં જ છે છતાં આલ્બમ બનાવવામાં મુખ્ય ફાળો તેમનો જ છે.

આ આલ્બમના પ્રિન્ટીંગ માટે શ્રી શ્રેણિકભાઈ શાહના સહકાર બદલ આભાર.

લિ.
ટ્રસ્ટીગણ,
પૂજ્ય કાનજીસ્વામી સ્મારક ટ્રસ્ટ,
દેવલાલી.





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# અમારી વાત

ગુરુવર સંત કહાન મહાન, શોભાવતા સુવર્ણપુરીના ધામ,
મંગલરૂપ અનંત સિદ્ધ, સિદ્ધિના દેનાર શુભ ધામ.
મંગલ યાત્રા મંગલ પ્રતિષ્ઠા મંગલ સુવર્ણ ધામ,
મંગલ વાણી મંગલ ભાવો મંગલ સિદ્ધિ ધામ.

ધન્ય તે ધરા ! જ્યાં મહા પુરુષોનો સંગમથયો હતો. પવિત્ર ભૂમિસુવર્ણપુરી ! કે જે સોનાનો ગઢ બની ગયો. જ્યાં પૂજ્ય ગુરુદેવની અધ્યાત્મતત્વજ્ઞાનના ગુંજારવથી છવાયેલ વીતરાગ વાણીના વાતાવરણમાં મુમુક્ષુઓ ઓતપ્રોત થતાં.

શ્રી વીતરાગી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે ભક્તિ-અર્પણતાથી આ ત્રણેય સંતોએ જીવન સમર્પણ કર્યું. આ નિકટ ભવી જીવો અલ્પકાળમાં પૂર્ણદશાને સાધશે. તેઓશ્રીની શોભાથી સોનગઢ તીર્થધામબની ગયું છે.

પૂજ્ય ગુરુદેવના પરિવર્તન પહેલાંથી જ પૂજ્ય ચંપાબેન તથા પૂજ્ય શાન્તાબેન તેઓશ્રીના સમાગમમાં હતા. સોનગઢમાં પૂજ્ય ગુરુદેવની મંગળમય પધરામણી થઈ, શ્રી સીમંધર જિનાલયની સુવર્ણપુરીમાં અદ્ભુત રચના થતાં અનેકવિધ પ્રતિષ્ઠા થઈ. શ્રી સમવસરણ, શ્રી માનસ્થંભજી, શ્રી પરમાગમમંદિર, શ્રી નન્દીશ્વર જિનાલયાદિ ખૂબ જ સુંદર રચનાઓ થઈ. તેમાં તથા ગામેગામપૂજ્ય ગુરુદેવની  ઉપસ્થિતીમાં પંચ કલ્યાણ પ્રતિષ્ઠા થતા હતા ત્યાં બંને બેનો ખૂબજ આત્મર્થતા પૂર્વક ભક્તિથી લાભ લેતા હતા. બંને બેનો દરેક કાર્યોમાં મગ્ન માર્ગદર્શક હોવાથી પ્રતિષ્ઠા-યાત્રા વગેરેમાં કુશગ્ર રહેતા, તે સમયે શરીરની પરવા કર્યા વગર એકરસથી પોતાના આત્માની પુષ્ટિ કરતાં કરતાં ઉલ્લસીત ભાવે ભક્તિ કરતા હતા.

અનેકવધિ સિદ્ધ-ક્ષેત્રની-તીર્થોની યાત્રામાં પરમભક્તિની ઉર્મિઓથી પૂજ્ય ગુરુદેવ સાથે સંઘ સહિત શ્રી સમ્મેદ્શિખરજી, રાજગૃહી, ચંપાપુરી, પાવાપુરી, ગુણાવા, મંદારગિરી, સોનાગિરી, શ્રી શ્રવણબેલગોલા, પોન્નૂર, કુંથલગિરી યાત્રા કરી છે, જેના સંસ્મરણ આ 'સાધના ના પથ પર' માં દશ્યમાન થશે.

તીર્થયાત્રા કરતાં કરતાં શ્રી જિનેન્દ્રદેવની પૂજા-ભક્તિ અને નિયમીત પ્રવચનો યથા સમયે ચાલતા હતા, પૂજ્ય ગુરુદેવે શરીરની અસ્વસ્થ્યતામાં પણ ૧૦૪° તાવ હોય તેવા સમયે પણ પ્રવચનો કર્યા હતા. તેઓશ્રીની વાણી અખંડતાથી વરસી છે.

પૂજ્ય બંને માતાઓ શ્રી જિનેન્દ્રદેવની ભક્તિ કરાવતા ત્યારે પૂજ્ય ગુરુદેવ પણ ભક્તિમાં બેસતા અને મુમુક્ષુઓ તેઓની ભક્તિના રંગમાં રંગાઈ જતા હતા.

બેનોની પૂજ્ય ગુરુદેવ પ્રત્યેની અર્પણતા પણ અલૌકિક હતી, કે વિહારમાં પૂજ્ય ગુરુદેવના ઉતારાની વ્યવસ્થા તેમજ આહારની વ્યવસ્થામાં તેઓ ખૂબ જ ધ્યાન રાખતા હતા.

પૂજ્ય ધર્મમાતાઓ (પૂ. ચંપાબેન તથા પૂ. શાન્તાબેન)ની છત્રછાયામાં બ્રહ્મચર્ય શ્રાવિકાશ્રમમાં બાલ બ્રહ્મચારી બેનોને તેઓના સાન્નિધ્યમાં ધાર્મીક સંસ્કાર દઢ કરાવ્યા તેમજ ધાર્મિક અભ્યાસ કરાવ્યો. પૂજ્ય ગુરુદેવ ઘણીવાર કહેતા કે બેનો-દીકરીઓના અહો ભાગ્ય છે કે આવા "બેનો" મળ્યા છે.

પંડિત ટોડરમલ સ્મારક ટ્રસ્ટ દ્વારા થતી ધાર્મીક પ્રભાવના જોઈને પૂજ્ય બેન બહુ ખુશી વ્યક્ત કરતા હતા અને બધા



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

કાર્યકર્તાઓને મુક્ત કંઠથી આશીર્વાદ આપતા હતા. દર વર્ષે આયોજિત થતી ગ્રીષ્મકાલીન પ્રશિક્ષણ શિબિરને મદદ કરવાં માટે પ્રશિક્ષણ ધ્રુવફંડની સ્થાપના થતા પૂ. બેને સૌથી પહેલા દસ હજારની દાન રાશિ આપી હતી.

શ્રી દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે અપાર ભક્તિનો ઉછાળો આવતા-પૂજ્ય ગુરુદેવની સમાધિ પછી પૂજ્ય બેન જયપુર ગયા હતા, ત્યારે પંડિત ટોડરમલ સ્મારકમાં શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજા દરેક વિદ્યાર્થીઓની વચ્ચે કરવાનાં ભાવો વિશેષ પ્રકારે ઉછળ્યા હતા. અને આઠ દિવસની પૂજા-શિબિરનું આયોજન સ્વયં પોતે સ્વીકારી લીધું. એ સમયે શ્રી પાટનીજી, પં. બાબુભાઈ, ડૉ. ભારિલ્લજી, પં. રતનચંદજી વગેરે અનેક પંડિતો તથા વિદ્યાર્થીઓની હાજરીમાં વિધાન-પૂજા સાનંદ સંપન્ન થયું હતું. ગોદીકાજી, શેઠાણીજી, રતનલાલજી વગેરે ઘણા ઘણા અગ્ર મુમુક્ષુઓ હાજર હતા.

પૂજ્ય ગુરુદેવની સમાધિ પછી તેઓની સ્મૃતિમાં મુંબઈથી નજીક કોઈ ક્ષેત્રમાં એક સ્મારક થાય તેવી પૂ. બેને તથા ઘણા મુમુક્ષુઓએ ભાવના દર્શાવી હતી.

સિદ્ધક્ષેત્ર પાલીતાણા નિકટમાં જેમ સોનગઢ તીર્થધામ શોભે છે તેમજ ગજપંથા સિદ્ધક્ષેત્ર નિકટમાં દેવલાલી ક્ષેત્ર બધાએ પસંદ કર્યું. પૂ. ગુરુદેવ ગજપંથા-માંગીતુંગીની યાત્રાએ સંઘ સહિત જતાં પૂજ્ય ગુરુદેવના ચરણ દેવલાલીમાં પડ્યા છે.

પૂજ્ય કાનજીસ્વામી સ્મારકનો સંકલ્પ કરતા પૂજ્ય બેન શાન્તાબેન પોતાની આજીવિકાની સમગ્ર મુડી ટ્રસ્ટને અર્પણ કરી આપી. શીલાન્યાસ વિધિ પણ તેઓની ઉપસ્થિતીમાં થયેલ જ્યાં કહાનનગરમાં ભવ્ય જિનાલયોની રચના થઈ હાલ ગુંજી રહ્યું છે. અત્યારે પણ પૂજ્ય ગુરુદેવની વાણીનો પ્રવાહ જોરશોરથી ધાર્મીક પ્રવૃત્તિથી શોભી રહ્યો છે. પૂજ્ય બેનનું સ્વપ્ન સાકાર થયું જાણે કે દેવલાલીમાં 'દેવોની' લાલીની સુવાસ મહકી રહી છે.

પૂજ્ય બેનના જીવનના અંતિમદિવસોમાં રાજકોટમાં શ્રી કુંદકુંદ જ્ઞાનચક્રની પધરામણી થતાં જ્યેષ્ટ સુદી પાંચના 'શ્રુતપંચમી' જ્ઞાનચક્રને હીરા-મોતી-માણેકથી ૧૦૩°ના તાવમાં પણ વધાવેલ અને શ્રી કુંદકુંદ જ્ઞાનચક્ર સબંધી ભક્તિની સ્વયં રચના કરી બધાની વચ્ચે તે ભક્તિ કરાવેલ હતી.


*ધન્ય અવતાર કુન્દકુન્દનો રે લોલ...*
*કુન્દકુન્દ જ્ઞાનચક્ર આવીયા રે લોલ...*

પૂજ્ય બેન શાન્તાબેનની સ્મૃતિરૂપ તેઓની ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે આ ત્રણેય મહાપુરુષોના જીવનની ઝાંખી એક નમુનારૂપે જીવન ઝરમર 'સાધના ના પથ પર' પ્રકાશ કરવાની સ્ફુરણા થતાં, નવી પેઢીને પણ જૂનાં સંભારણાં જોવા મળે તે હેતુથી તથા તેઓમાં આત્મ-પુરુષાર્થ જાગૃત થાય કે મહાપુરુષોના જીવન કેવા અલૌકિક હતા! એ પ્રેરણાથી આ રચના કરવાના ભાવ જાગ્યા છે.

હે સુવર્ણપુરીના સંતો! આપની જીવન ઝરમર જોઈ, વાંચી, વિચારીને અમે પણ આપના ચરણો પાછળ કદમ ઉઠાવી આવી રહ્યા છીએ.


**અમે,**
**આપના બાળકો.**






ॐ

શ્રી પંચ પરમેષ્ઠિ ભગવંતોનું યથાર્થસ્વરૂપ તો પોતાના આત્માને જાણવાથી જ જણાય છે.
અંદરથી આત્મસ્પર્શી નિર્ણય થતાં એવો આનંદ આવ્યો કે વાહ ! ચૈતન્ય દેવ !
શ્રી સિદ્ધ ભગવંતોનાં પૂર્ણ સુખ આનંદનો અંશે અનુભવ થયો.
સાચું સ્વરૂપ સમજાયું. શ્રી અરિહંત ભગવાન શ્રી જિનેન્દ્ર ભગવાને
પોતાની પૂર્ણતાને પ્રગટ કરી છે. તેમ આ આત્મા પણ
પોતાના ચૈતન્યદેવની પૂર્ણતા પ્રાપ્ત કરે તેજ ભાવના છે.
સાચો આનંદ અને સાચું સુખ પોતાના ચૈતન્યમાં
જ વેદાય છે, તે અપૂર્વતા છે.



## સોનગઢમાં ત્રણ ભગવંતોની મંગળ પધરામણી

સુવર્ણપુરીમાં સૌ પ્રથમ શ્રી સીમંધરનાથ, શ્રી શાંતિનાથ, શ્રી પદ્મપ્રભ એમ ત્રણ ભગવંતો પધાર્યા
તે સ્વાધ્યાય મંદિરના રૂમમાં બિરાજતા હતા. ત્યાં દરરોજ સમય મળે એટલે પ્રભુજીની
પાસે બેઠા બેઠા સીમંધર લઘુનંદન પૂજ્ય ગુરુદેવશ્રી
એવા ભાવવિભોર થઈને ગાતા હતા કે :-

અમીયભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય;
શાન્ત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય,
સીમંધર જિન ! દીઠા લોયણ આજ
મારા સિધ્યાં વાંછિત કાજ, સીમંધર જિન

પ્રતિષ્ઠા તો થઈ પરંતુ ત્યાર પહેલાથી સીમંધર પ્રભુ પાસે દરરોજ
બેસીને સાક્ષાત્ સીમંધર પ્રભુનો વિરહ ભૂલાવતા.

પ્રતિષ્ઠા : ફાગણ સુદ-૨, વિ.સં. ૧૯૯૭, ઈ.સ. ૧૯૪૧



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રી સીમંધર જિનમંદિર (જુનું) અને શ્રી માનસ્તંભજી - સોનગઢ

ॐ

પરિપૂર્ણ દ્રવ્યને લક્ષગત કરવામાં જે ભેદરૂપ
જ્ઞાનનો પર્યાય જે દ્રવ્યશ્રુત તરીકે છે, તે
સર્વશ્રુતપણાને પામે છે. કેમકે સર્વ સ્વભાવનો
આધાર એવું જે અભેદ દ્રવ્ય તેને પકડવામાં તે
નિમિત્ત થાય છે.

પૂજ્ય ગુરુદેવના હસ્તાક્ષર...




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com







Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રીમદ્ ભગવાન કુંદકુંદ આચાર્ય દેવ




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com




અંતર મગ્ન પોતાના નિજ સ્વરૂપમાં પોતાના નિજ આવાસની લીનતામાં.
આ ફોટો વિશ્વમાં અમેરિકામાં બધા સંતોના ફોટાના એકઝીબીશનમાં
સૌ પ્રથમ નંબરે આવ્યો હતો.


दो हजार वर्ष पूर्व विदेहक्षेत्रस्थ विद्यमान तीर्थंकर श्री सीमंधरस्वामी के समवशरण में सदेह पहुँचकर इस भरत क्षेत्र के समर्थ दि. जैनाचार्य श्री कुन्दकुन्द देव ने दिव्यध्वनि श्रवण कर जो तत्त्वोपदेश
ग्रहण किया था और वापस आकर दक्षिण भारत स्थित पौन्नूर मलै (वन्देवासी) पहाड़ी पर तपस्या करते हुए समयसारादि परमागमों की रचना की थी, तथा जिनकी टीका
एक हजार वर्ष बाद श्रीमद अमृतचंद्राचार्य देव ने की थी, उनके मर्म को समझाते हुए सोनगढ़ के आत्मज्ञ संत पूज्य गुरुदेव श्री कानजी स्वामी जिनका उपकार कभी भुलाया नहीं जा सकता।


मंगलं कुंदकुंदार्यो
बेटा कुंदकुंद तू मोक्षमार्गी है।
हे माता, मुझे दीक्षा लेने की अनुमति दे।
कुमार कुंदकुंद का ग्यारह वर्ष की उम्र में दीक्षा के लिये गमन।
आचार्य जिनचंद्र के शिष्य मुनि कुंदकुंद रत्नत्रय के पथ पर।



પૂજ્ય બેનશ્રી ચંપાબેન     પૂજ્ય બેનશ્રી શાન્તાબેન





પૂજ્ય ગુરુદેવના હસ્તાક્ષર...

## પ્રશાન્ત સ્વરૂપી પૂજ્ય બહેન શાંતાબહેનનું

# જીવન ઝરમર

મોંઘેરા તુજ જીવન દર્શન
ઝૂકી રહ્યા અમ શીર
માત મીઠી તુજ ચરણ નમીને
આશીષ દ્યો મુક્તિરમા વરવાને


જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રનો ભારત દેશ એટલે મહાપુરુષોની સાધનાભૂમિ. સૌરાષ્ટ્રની કાઠિયાવાડની ધરા પર અમરેલી ગામના રહીશ, મોસાળ પક્ષે ઢોલરવા (ગોપાલગ્રામ) નામના નાનકડા ગામે પૂજ્ય શાંતાબહેનનો જન્મવિક્રમસંવત ૧૯૬૬ (ઈ.સ. ૧૯૧૦)ના ફાગણ સુદી અગિયારસના શુભ દિને પિતાશ્રી મણીભાઈ તથા માતા દિવાળીબાને ત્યાં સોમવાર તા. ૨૧ માર્ચ, ૧૯૧૦ સવારે પરોઢિયે ૫-૩૦ વાગ્યે થયો હતો.







પૂર્વના ધાર્મિક સંસ્કારના કારણે ઝગમગતો સૂર્ય પ્રકાશતા ચારેય તરફ આનંદમય વાતાવરણ છવાઈ ગયું. ખારા કુટુંબ ધન્ય બન્યું કે આ કોઈ જ્ઞાની ધર્માત્માનો જન્મ થયો છે. જેવું તેમનું નામ હતું "શાંતા" તેવા જ તેઓ શાંતસ્વભાવી હતા. ભાઈ-બહેનોમાં તેઓ સૌથી મોટા હતા. ત્યારપછી કાન્તાબહેન, સવિતાબહેન, મંજુલાબહેન તથા લાભુબહેન અને એક લાડકા ભાઈ મુકુંદભાઈથી પરિવાર કિલ્લોલ કરતું હતું.



પિતાશ્રીએ હર્ષોલ્લાસથી જોશીને બોલાવ્યા અને કુંડળી કઢાવી. જોશીએ કહ્યું કે આ કોઈ મહાપરાક્રમી બહેન થશે, અને જે કાર્ય કરવા ધારશે તે કાર્ય કર્યે જ છૂટકો કરશે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## જ્યોતિષીના જોષ (વિ.સં. ૧૯૯૦)


નારીવૃંદમાં અગ્રગણ્ય ભગિની જેવા દિવ્ય આત્માને લઈને અહીં બેઠા છો. અહીં જ મારૂં ઘર છે એમ ગણીને ગુરુના પાદમાં બેઠા છો. અગ્રગણ્ય બહેનને ભગિની માનીને સેવો છો, તેના સખી તુલ્ય છો.

આપે દિવ્યજ્ઞાન જોયું છે, ને હજી પણ પૂર્ણ ચંદ્રમાવત હૃદયમાં (જ્ઞાનમાં) પ્રાપ્ત થશે. આ જ પ્રમાણે પૂ. ગુરુદેવ વારંવાર ફરમાવતા કે જે બીજ ઊગી તે પૂર્ણ થયે જ છૂટકો અને બન્યું પણ એમજ. પૂ. ગુરુદેવશ્રીના શ્રીમુખેથી ભેદજ્ઞાનની વાત સાંભળતાં જ તેમને થયું હતું કે આવું ભેદજ્ઞાન આ જીવનમાં જલદી કેમ પ્રાપ્ત થાય ! આવી તીવ્ર ઝંખનાના કારણે પૂજ્ય બહેન શાંતાબહેને આત્માને ઓળખવાનો ઉગ્ર પુરુષાર્થ કરીને સમ્યગ્દર્શનરૂપી કાર્ય પ્રગટાવીને જીવન સાર્થક બનાવ્યું.



અમરેલી પ્રવેશદ્વાર

પૂજ્ય બહેન દેખાવમાં રૂપવાન, તેજસ્વી, વીર્યવાન, સૌમ્ય મુદ્રાવંત હતા. તેઓ વાત્સલ્ય ગુણના ભંડાર હતા. બાળપણથી જ તેઓ વિચારશીલ અને દૃઢ મનોવૃત્તિ ધરાવતા હતા. જે કાર્ય કરવા ધારે તે પૂર્ણ કરે ત્યારે જ જંપે. કોઈ પણ કાર્ય તીવ્ર લગનીથી કરતા. બાળપણથી જ વૈરાગી તથા તીક્ષ્ણ બુદ્ધિના ધારક હોવાથી કુટુંબીજનોને તેમના પ્રત્યે ખૂબ જ સ્નેહ અને માન હતું. વડીલો પણ તેમની સલાહસૂચના પ્રમાણે કાર્ય કરતા. પિતાશ્રીના લાડકવાયા હોવાથી પુત્રીને 'બેટા' સંબોધનને બદલે 'બહેન' કહીને જ બોલાવતા.



અમરેલી

પૂ. બહેને શરૂઆતમાં કલકત્તામાં રહીને અભ્યાસ કર્યો અને ત્યાર પછી મૂળગામ અમરેલીમાં છ ધોરણ સુધી અભ્યાસ કર્યો. તેઓ દરેક ક્રિયામાં નિષ્ણાત હતા. મોતીકામની કારીગરીમાં પણ નિષ્ણાત હતા. મોતીના કળશ, તોરણ વગેરે ખૂબ સુંદર બનાવતા હતા. નાનપણથી જ ધાર્મિક રુચિ વિશેષ હતી તેથી નિયમિત ઉપાશ્રયમાં જતા હતા અને સામાયિક, પ્રતિક્રમણ કરાવતા હતા. શાસ્ત્રનો અભ્યાસ પણ કરતા. તીક્ષ્ણ બુદ્ધિ અને સ્મરણશક્તિને કારણે હજારો શ્લોકો કંઠસ્થ હતા. માત્ર એકાદ વાર વાંચે ને યાદ રહી જાય ! પોતે સ્વયં ભક્તિ તથા વૈરાગ્યના ભજનો બનાવીને ગાતા હતા. કંઠ એકદમ મીઠો-મધુરો હોવાથી બધાં તેમની પાસે ગવડાવતા હતા. આ પ્રમાણે વૃદ્ધિગત ક્ષયોપશમના નિમિત્તથી તેમનું જ્ઞાન વિકસિત થવા લાગ્યું.

•ઘરકામ પણ કરતા અને પોતાના નાના ભાઈ-બહેનોને ધાર્મિક સંસ્કાર આપતા. પાણી ભરવા જતા ત્યારે સાથે તેઓના ભાભુ સમરતબહેન રસ્તામાં ગાતા કે આ પદોમાં પણ ભેદજ્ઞાન ભાસતું હતું.

*જ્ઞાની જ્ઞાન દશાનો દોર કદી ચૂકે નહીં (૨)*
*વિધવિધ વ્યવહારો છો કરતા - સઘળું કર્તા છતાં અકર્તા.*
*કમળો નિશદિન જળમાં નાહતાં, જળ સંગાથે જળમય ન થાતાં.*
*સંગ છતાં પણ અસંગ ભૂલે નહીં... જ્ઞાની જ્ઞાન દશા...*
*વિધવિધ વ્યવહારો કરતા, હેલ નજરથી યુવતી ચૂકે નહીં.*

વ્રત-તપ-નિયમમાં સંયમી હતા. ઉપવાસ, એકાશન પોતે કરતા અને બીજા કરે તેમાં વાત્સલ્યપૂર્વક અનુમોદના પણ કરતા. ઉપવાસના દિવસે આરંભ પરિગ્રહથી નિવૃત્ત થઈ ઉપાશ્રયમાં સાધર્મીઓ સાથે વાંચન-મનન-ભક્તિ સહિત સમય ગાળતાં. બીજે દિવસે સાધર્મીઓને પ્રેમથી પોતાના ઘરે બોલાવીને ઉત્સાહપૂર્વક પારણા કરાવતા. આમ, પૂજ્ય બહેન નાની ઉંમરથી જ વૈરાગ્ય વાત્સલ્યમૂર્તિ હતા.



પૂ. બેનનું નિવાસ સ્થાન ખારા બિલ્ડીંગ



અમરેલી - જિન મંદિર


શેઠ શ્રી મણીભાઈ ખારાએ શાન્તાબેનનો સંબંધ જેતપુરના દિવાન શ્રી ચત્રભુજભાઈ ભગવાનજી કામદારના સુપુત્ર સાથે કરેલ પરંતુ બે માસમાં જ વૈધવ્ય આવતા સહજ વૈરાગ્ય પ્રસંગ બની ગયો.

પૂજ્ય બહેનને માત્ર ૧૬ વર્ષની વયે જ સંસાર પ્રત્યે ઉદાસીનતા આવી ગઈ હતી. તેથી સંસારનો મોહ છોડી દીક્ષા ગ્રહણ કરવાના ભાવ જાગ્યા હતા. તેઓ કહેતા કે દીક્ષા ગ્રહણ કરવાનો હેતુ એક જ હતો કે મારે મારા આત્માનું કલ્યાણ કરવું છે.

*મને લાગે સંસાર અસાર,*
*આ રે સંસારમાં નહીં રહું, નહીં રહું, નહીં રહું રે...*

તેમણે પોતે દીક્ષા લેવાની પૂરી તૈયારી કરી. પરંતુ તેમના માતાપિતાએ તથા કુટુંબીજનોએ તેમની આ વાત સ્વીકારી ન હતી. ઘરમાં પાત્રા પણ આવી ગયા હતા. તેમના નાના બહેન કાંતાબહેનને પાત્રામાં વહોરાવવાનું શીખવાડતા હતા. તેમની દીક્ષાની વાત સાંભળીને બાની આંખમાં આંસુ આવી જતા.

તેમના પિતાશ્રીના સંપ્રદાયના ગુરુ કાનજીસ્વામી હતા. સં. ૧૯૮૧ (ઈ.સ. ૧૯૨૫)માં ગઢડા ગામે તેમનું ચાતુર્માસ હતું, ત્યાં તેમના પિતાજી પૂરા પરિવાર સહિત તેમના દર્શનાર્થે ગયા અને કહ્યું : સાહેબ ! અમારા આ બહેન



શાંતાબહેનને દીક્ષા લેવી છે. ત્યારે કાનજીસ્વામીએ કહ્યું કે, બહેન ! દીક્ષા લઈ લેવા માત્રથી આત્મા મળતો નથી; માટે તેમાં સુખ નથી. તેથી પહેલા આત્માને ઓળખો, 'આત્મા' મન-વચન-કાયાથી જુદો પેલી પાર છે ત્યારે પૂજ્ય બહેનને 'આત્મા' શબ્દ સાંભળીને અંદરથી જ એટલો પ્રમોદ આવ્યો કે આ કોઈ મહાપુરુષ છે. આ ગુરુથી જ અવશ્ય મારું કલ્યાણ થશે. ત્યારથી પૂજ્ય કાનજીસ્વામીના સાન્નિધ્ય પ્રાપ્ત થતાં તેમાં પ્રબળતા આવી.

'આત્મા' શબ્દ સાંભળતાં જ અંદરમાં શાંતિ થઈ ગઈ, અને દીક્ષા લેવાના ભાવનો એકદમ પલટો થઈ ગયો. બહેન પૂર્વના સંસ્કાર લઈને આવ્યા હતા, જેથી આ વાતનો તુરત સ્વીકાર થઈ ગયો, એમ નક્કી થાય છે.

પૂ. ગુરુદેવે ઘણી જ કરુણાથી દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું અને કહ્યું કે, 'આત્માના અનુભવ સિવાય જીવનની ધન્યતા નથી. 'અનુભવ' સિવાય દીક્ષાર્થી જીવન સાર્થક થતું નથી.' આત્મા એવો પરથી જુદો પડી જાય છે કે જેમ પહાડ ઉપર વીજળી પડતાં બે ફાડ પડી જાય છે, તેને રેણ દેવાથી ફરી સંધાતો નથી; તેમ આત્મામાં ભેદજ્ઞાન-પ્રજ્ઞારૂપી વીજળી પડી તે પડી, પરથી જુદો પડ્યો - તે હવે ફરીથી પર સાથે એકત્વ બુદ્ધિથી એકમેક થતો નથી. આવું ઘણું ઘણું કહ્યું. આ સાંભળીને મનનો એકદમ પલટો થયો, અને બે હાથ જોડીને કહ્યું કે - પ્રભુ ! હવે મારે દીક્ષા નથી લેવી, પણ આપે જે ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું તે ભેદજ્ઞાન શીઘ્ર પ્રાપ્ત થાય તેના માટે પુરુષાર્થ કરવો છે.

પૂજ્ય ગુરુદેવના દર્શન તથા તેઓની વાણી સાંભળીને આવ્યા પછી પૂ. બહેને પોતાના પિતાજીને કહ્યું કે, હવે હું બીજા કોઈનું પ્રવચન સાંભળવા જઈશ નહીં. પૂ. ગુરુદેવના પ્રવચનમાંથી તેઓ ભેદજ્ઞાનની વાત જ ગ્રહણ કરતા, કારણ કે આત્માની રુચિ અને ભેદજ્ઞાનની તીવ્ર લગની હોવાથી તે જ વાત તેમને મીઠી લાગતી.

સં. ૧૯૮૨ (ઈ.સ. ૧૯૨૬)ની સાલમાં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ વઢવાણ શહેરમાં હોવાથી ત્યાં જવાની તેઓશ્રીની ઘણી જ ભાવના હતી, પરંતુ જઈ શકાયું નહીં, તેથી મનમાં ક્ષોભ રહ્યા કરતો હતો.

વિક્રમ સં. ૧૯૮૩ (ઈ.સ. ૧૯૨૭)માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ દામનગરમાં હતું. ત્યાં જવાની તેમની ભાવના પૂરી થઈ. તેમના પિતાશ્રી તેમને દામનગર મૂકી ગયા. પૂ. બહેનને બ્રહ્મચર્યનો ઘણો જ રંગ હતો, તે મન-વચન-કાયાથી અખંડ જળવાઈ રહે તેના માટે નિરંતર જાગૃત-પ્રયત્નશીલ રહેતા હતા. જેમ આત્મપ્રાપ્તિનું વેદન રહેતું હતું તેવું જ બ્રહ્મચર્ય અખંડ રહે તેના માટે જાગૃતિ રહેતી હતી. શરીરનું સુંદર રૂપ ઉપસર્ગ લાગતો હતો.

દામનગરમાં ત્રણ મહિના પૂ. ગુરુદેવની વાણીનો લાભ મળ્યો. પહેલી વાર પૂ. ગુરુદેવની વાણી સાંભળવાનો આટલો યોગ બનવાથી પોતાને ઘણો જ લાભ થયો.

પૂ. ગુરુદેવ પ્રત્યે પૂ. બહેનને ખૂબ બહુમાન આવતું અને આ પુરુષ જાણે કોઈ પૂર્વના પરિચિત હોય એમ હૃદયમાં થયા કરતું. સ્વપ્નમાં પણ ઘણી વાર એમજ આવતું.

વિ.સં. ૧૯૮૪ (ઈ.સ. ૧૯૨૮)માં પોતાના ગામઅમરેલી પૂ. ગુરુદેવ એક માસ માટે પધાર્યા તેથી હૃદયમાં આનંદ સમાતો ન હતો. ત્યાંની લાયબ્રેરીમાં દિગંબરના શાસ્ત્ર ઘણા હોવાથી પૂ. ગુરુદેવશ્રી ઘણી વાર પધારતા. તેઓશ્રીને દિગંબરના શાસ્ત્રો વાંચવાની ઘણી જ ધૂન હતી. તેમાંથી જ આત્માના ભેદજ્ઞાનનું સ્વરૂપ સમજાવતા. પૂ. બહેનને ભેદજ્ઞાનની વાત સાંભળતા ચૈતન્ય આખો ઉછળી જતો, અનંતગુણો ઉછળી જતા, ખૂબ જ ઉલ્લાસ આવતો. અમરેલીથી પૂ. ગુરુદેવ ચાતુર્માસ કરવા માટે રાણપુર પધાર્યા. ત્યાં પણ પૂ. શાંતાબહેન ગયા અને ચાર મહિના પૂ. ગરુદેવની વાણીનો લાભ લીધો.

ચાતુર્માસ દરમ્યાન પૂ. ગુરુદેવ છ દ્રવ્ય અને સાત તત્ત્વનું સ્વરૂપ સમજાવતા. પાંચ ભાવમાંથી કયા ગુણસ્થાને કયા ભાવ હોય ? આવા આવા પ્રશ્નો પૂ. ગુરુદેવ સભામાં પૂછતા ત્યારે મુખ્યપણે પૂ. બહેન જ જવાબ આપતા હતા અને ઘરે આવીને તુરત લખી લેતા.

વિ.સં. ૧૯૮૫ (ઈ.સ. ૧૯૨૯)માં પૂ. ગુરુદેવનું ચાતુર્માસ લાઠીમાં થયું હતું. ત્યાં પણ જવાનો પ્રસંગ બનવાથી પૂ. બહેનને પુરુષાર્થમાં વૃદ્ધિ થઈ અને મનમાં નિર્ણય થયો કે પૂ. ગુરુદેવની સાથે સાથે જ આત્મસાધના સાધવી છે, અને આત્મકલ્યાણ કરીને સિદ્ધપદ પ્રાપ્ત કરવું છે. આવા મહાન સંત પ્રત્યે બહુમાન તો હતું જ અને દૃઢ નિશ્ચય પણ થયો કે આ જ સાચા સંત છે.

વિ.સં. ૧૯૮૬ (ઈ.સ. ૧૯૩૦)માં પુનઃ પૂ. ગુરુદેવનું ચાતુર્માસ પોતાના ગામ અમરેલીમાં થયું. તે વખતે ધર્મપ્રેમી નારણભાઈ પણ ત્યાં હોવાથી તત્ત્વની રેલમછેલ ચાલતી હતી. બહારગામથી ઘણા મુમુક્ષુઓ પૂ. ગુરુદેવની વાણીનો લાભ લેવા આવ્યા હતા. તેથી પૂ. ગુરુદેવનો ઉલ્લાસ ઘણો હતો. નારણભાઈ સાથે તત્ત્વચર્ચા થતી હોવાથી દિવસો આનંદમય વ્યતિત થયા.



અમરેલીથી પૂ. ગુરુદેવ વિંછીયા પધાર્યા. ત્યાં પૂ. બહેન દર્શન કરવા ગયા હતા. ત્યારે પૂ. બહેનશ્રી ચંપાબહેન પણ પૂ. ગુરુદેવના દર્શનાર્થે પધાર્યા હતા. ત્યાં બંને બહેનોનું પ્રથમ મિલન થયું. ત્યારે પૂ. ચંપાબહેનને જોતાં જ પૂ. બહેનનું હૃદય તેમના પ્રત્યે આકર્ષાયું, અને જાણે પૂર્વના કોઈ સંબંધી હોય એમ લાગ્યું. બંને પરસ્પર સામ-સામે ટગર ટગર જોઈ રહ્યા, પરંતુ વિશેષ પરિચય ન થયો. આ રીતે વિંછીયામાં પૂ. ગુરુદેવ તથા પૂ. બહેનોનો સંગમ થયો અને જાણે મહાવિદેહની વિખૂટી પડેલી ત્રિપુટી અહીં ફરીથી મળી ગઈ. પૂ. બહેનને ભેદજ્ઞાનની તીવ્ર ઝંખના હોવાથી જ્યાં જ્યાં પૂ. ગુરુદેવ પધારે ત્યાં ત્યાં પોતે અવશ્ય જતા હતા.

વિ.સં. ૧૯૮૭ (ઈ.સ. ૧૯૩૧)માં પૂ. ગુરુદેવે પોરબંદરમાં ચાતુર્માસ કર્યું, ત્યાં પણ પૂ. બહેન ગયા. ત્યાં પૂ. ગુરુદેવના વ્યાખ્યાન દરમ્યાન એમ આવ્યું કે ભેદજ્ઞાન-સમ્યગ્દર્શન વગર બધું જ નકામું છે. આમ પહેલેથી જ પૂ. ગુરુદેવની વાણી પુરુષાર્થ પ્રેરક હતી.

વિ.સં. ૧૯૮૮ (ઈ.સ. ૧૯૩૨)માં જામનગરમાં ચાતુર્માસ થયું. ત્યાં પણ પૂ. શાંતાબહેન ગયા હતા. ત્યારે પૂ. ગુરુદેવના પ્રવચનો અપૂર્વ આવતા હતા. પોતાને આત્મપ્રાપ્તિની તીવ્ર ઝંખના હોવાથી નીંદ પણ આવતી ન હતી. ખાવા-પીવામાંથી પણ રસ ઊડી ગયો હતો. એક જ લગની હતી કે ક્યારે હું આત્માનું સ્વરૂપ ઓળખું. ત્યાં પૂ. ગુરુદેવનું સ્વાસ્થ્ય બરાબર ન રહેતું હોવાથી પૂ. બહેનને થયું કે પૂ. ગુરુદેવની હાજરીમાં જ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લેવું છે. ત્યાંથી આવીને માતા-પિતાને વાત કરી કે મારે તો આ જ ભવમાં એવું કાર્ય કરવું છે કે સ્ત્રી-પર્યાયનો છેદ થઈ જાય. મારી ચિંતા કરશો નહીં, મારે તો આત્માનું જ કરવું છે. આવા 'ગુરુ' મળ્યા છે, તેમનાથી મારા આત્માનું હિત થશે જ એમ નિઃશંક છે.

વિ.સં. ૧૯૮૯ (ઈ.સ. ૧૯૩૩)માં રાજકોટ શહેરમાં ચાતુર્માસ હતું. ત્યારે એક આશ્ચર્યકારી બનાવ બન્યો કે પૂ. ચંપાબહેન સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને પધાર્યા, તે જાણીને પૂ. બહેનને એમ થયું કે પૂ. ગુરુદેવના ટૂંક પરિચયમાં પણ પુરુષાર્થ કરીને પૂ. બહેનશ્રીએ સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું. અહો ! ધન્ય છે તેઓને ! અહો ધન્ય તે સમ્યગ્દર્શન !

પૂ. ગુરુદેવે શાંતાબહેનને કૃપાદૃષ્ટિથી કહ્યું કે તમારે આ ચંપાબહેનનો પરિચય કરવા જેવો છે, અને ચંપાબહેનને કહ્યું કે તમારે શાંતાબહેનનો પરિચય કરવો. પૂ. શાંતાબહેનને પૂ. ચંપાબહેન પ્રત્યે પૂર્વભવની પ્રીતિ, પોતાના આત્માની તૈયારી અને વળી પૂ. ગુરુદેવશ્રીનો આવો આદેશ મળ્યો પછી શું ખામી રહે ! તેમણે હર્ષ-ઉમંગથી પરિચય શરૂ કર્યો. (જાણે બંને સખી મળી હોય તેમ પરસ્પરને અંતરની વાતો કહી.) પૂ. ચંપાબહેન કહેતા હતા કે મને પણ એમ વિચાર આવતો હતો કે હું પૂ. ગુરુદેવના ચાતુર્માસ દરમ્યાન ત્યાં રહીને શાંતાબહેનનો સહવાસ કરીશ. આ રીતે પૂ. ચંપાબહેનને પણ પૂ. બહેન પ્રત્યે ઘણી કૃપા હતી. આમ, સહવાસ કર્યા પછી પૂ. ચંપાબહેનને થયું કે પૂ. બહેનને જેમ કહીએ છીએ તેમ તેમનું દ્રવ્ય પરિણમે છે. તેટલી તેમનામાં નરમાશ અને પાત્રતા છે. તેથી અનુભવ સંબંધી સૂક્ષ્મમાં સૂક્ષ્મચર્ચા કરતા અને પૂ. બહેનને સ્વ-સન્મુખ વિચારધારામાં પ્રોત્સાહિત કરીને માર્ગ સુગમ કરી દેતા.




પૂ. ચંપાબહેનના સાન્નિધ્યમાં પૂ. બહેનનો પુરુષાર્થ અને આત્મા પ્રત્યેની લગની જોરદાર વૃદ્ધિ પામી કે જેથી તેમને ક્યાંય ચેન પડતું નહીં. ખાવા-પીવામાં ઉદાસીનતા વર્તાતી, ઊંઘ પણ ન આવતી. એકાંતમાં બેસી ત્રણ-ત્રણ કલાક સુધી આત્માની શોધખોળ કર્યા કરતા. કોઈ વાર તેઓશ્રીના માતુશ્રી આવતા તો પણ સામુ જુએ નહીં. ત્યારે તેમના માતુશ્રી કહેતા કે, બહેન ! તમને શું થઈ ગયું છે કે અમારી સામે પણ જોતા નથી ? એમ કહીને માતાજી રડી પડતા. પૂ. બહેન એટલો જ જવાબ આપતા કે મને મારૂં કરવા દ્યો.

એક વાર 'શ્રીમદ્ રાજચંદ્ર'માંથી વાંચતાં-વાંચતાં ભગવાન આત્માનો મહિમા આવતા એવો વિચાર આવ્યો કે આ શાસ્ત્રમાં કહ્યું છે તે રૂપે મારી પરિણતિ ક્યારે થાય ? પોતે અંતરંગમાં શોધખોળ કરતા, ચિંતન કરતા ત્યારે વાંચન ત્યાં જ અટકી જાય અને સ્વસન્મુખ પુરુષાર્થ ચાલતો.

પૂ. ગુરુદેવના પ્રવચનમાં જ્યારે ક્ષમાનું કે સમતાનું સ્વરૂપ આવે કે સાચી ક્ષમા અને સમતા તો આત્માનો સ્વભાવ છે, તો તે વાત એવી મીઠી લાગતી કે આવા સ્વભાવરૂપે મારી પરિણતિ ક્યારે થાય ? મારે તો એવો ક્ષમા સ્વભાવ પ્રગટ કરવો છે. આ ઉપર-ઉપરની ક્ષમા કે શુભભાવરૂપી ક્ષમાના ભાવથી મને સંતોષ થતો નથી. એ સ્વભાવ ભાવ પ્રગટ કરવા માટે તો એટલું બધું વેદન થતું કે જેનું વર્ણન થઈ શકે નહીં. એ તો વેદનાર પોતે જ જાણે. આત્માના વેદન આગળ કાંઈ જ ગમતું નથી.

વિ.સં. ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪)માં પૂજ્ય ગુરુદેવનું ચાતુર્માસ રાજકોટ સદરમાં હતું. ત્યાં પૂ. બંને બહેનો ભાડે ઘર લઈને સાથે રહ્યા. તે સમયે પૂ. ગુરુદેવને પરિવર્તનના ભાવો ઘૂંટાતા હતા કે આ વર્ષે મારે જરૂર પરિવર્તન કરવું છે, પરંતુ ક્યાં કરવું તે મૂંઝવણ રહ્યા કરતી હતી. આ વાત ફેલાઈ જવાથી પ્રવચન એક વાર જ થતું હતું અને પછી તો બંધ જ થઈ ગયા, જેથી પૂ. બહેનને નિવૃત્તિ ઘણી મળતી, તેથી સવારના એકાંતમાં વાંચન કરતા હતા. પૂ. બહેનશ્રીના સમાગમથી પણ પુરુષાર્થ વધે તેવી સરસ ચર્ચા થતી હતી.

'શ્રી સમયસાર ગાથા'માં આવે છે કે જેમ સ્ફટિકમણિ સ્વભાવથી તો સફેદ જ છે, પરંતુ તેની નીચે જાસૂદ પુષ્પ રાખવાથી તે લાલ દેખાય છે. અને એ લાલ દેખાય છે તે વખતે પણ સ્ફટિકમણિ તો સફેદ જ છે, તેમ શુદ્ધાત્માને સ્વભાવથી જોઈએ તો શુદ્ધ જ છે, પરંતુ તેમાં થતી રાગ-દ્વેષની પરિણતિને લઈને વર્તમાનમાં અશુદ્ધ દેખાય છે, તે અશુદ્ધ પરિણતિ સમયે તેની સામે ન જોતાં, શુદ્ધ ચૈતન્ય તરફ દૃષ્ટિ દેતાં શુદ્ધાત્મા જ અનુભવમાં આવે છે. આ પ્રમાણે ચિંતન-મનન ચાલતાં ચાલતાં ઉપયોગ પરથી છૂટી જ્ઞાયકદેવમાં લીન થયો, નિર્વિકલ્પ દશાનો અનુભવ થયો. તે ધન્ય પળ આવી ગઈ. રાજકોટમાં વિ.સં. ૧૯૯૦ના આસો વદી-૪ ને શુક્રવારે સાક્ષાત શુદ્ધાત્મા અનુભવાયો.



સમ્યગ્દર્શન - નિવાસસ્થાન - રાજકોટ
આસોવદી ચોથ - વિ.સં. ૧૯૯૦



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## પૂ. બેન શાન્તાબેનના હસ્તાક્ષર

## ૧૯૯૦ રાજકોટ સદર

**પૂ. બેનને નિર્વિકલ્પદશામાં શુદ્ધાત્મા કેવો જણાયો તે તેમના જ હસ્તાક્ષરમાં વાંચો...**

૧૯૯૦ના ઓગસ્ટ [illegible] ને શુક્રવાર (શ્રાવણ)
ના, રાત્રે ૧૦ વાગ્યા આજુબાજુ
"ઉપયોગ પરદ્રવ્યથી છૂટીને ત્રિકાળ
આત્મામાં લીન થયો ને અદ્‌ભુત
આત્માનો નિર્વિકલ્પ અનુભવ
થયો" "એકાંત આનંદ અનુભવાયો"
"ચૈતન્યનું અનુપમ સ્વરૂપ અનુભવાયું"
આત્માનું પરિપૂર્ણ સ્વરૂપ અનુભવાયું.

અપાર આનંદ અનુભવાયો. અનુપમ
ચૈતન્યસ્વરૂપ અનુભવાયું. અનુપમ જ્ઞાન
સ્વરૂપ અનુભવાયું. "અનંત અનંત ગુણો
ઉછળતા અનુભવાયા! અનંતગુણો સ્વરૂપ
ચૈતન્ય અનુભવાયો"! અતીન્દ્રિય આનંદ
અનુભવાયો, અતીન્દ્રિય જ્ઞાનમય સ્વરૂપ
સમાધિ સ્વરૂપ ત્રિકાળ આત્મા અનુભવાયો.
"જ્ઞાનાનંદમય ચૈતન્ય જ્યોતિ અદ્‌ભુતરૂપે
દેદીપ્યમાન કરતો અનુભવમાં આવ્યો"
અનુપમ ત્રિકાળ જ્ઞાયકરૂપે અનુપમ પરિણમન
કરતો અનુભવાયો.

વાહ! ચૈતન્ય પ્રભુ! તારું સ્વરૂપ
તો અતીન્દ્રિય અદ્‌ભુત છે.
આ રીતે અનુપમ ચૈતન્યનો અનુભવ
થતાં ત્રિકાળ દ્રવ્યને પકડીને પરિણમતા
હતા, ઉપયોગ બહાર આવતાં એમ
થયું કે જેના માટે ઘેલા થયું હતું
જેના માટે પ્રયત્ન હતો તે સ્વરૂપ
પ્રાપ્ત થયું. આ સ્વરૂપ પ્રાપ્ત થયેલ
આત્મા પોતાના ગુરુદેવને પ્રણામ
કરી ગુરુભક્તિમાં મહાલી રહ્યો છે.


જે પુરુષાર્થથી સમ્યગ્દર્શન
પ્રાપ્ત થયું તે એવી વિશેષતા
પૂર્વક પ્રાપ્ત થયું છે કે સમ્યગ્
દર્શનના કાળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત
થશે એવી અપ્રતિહત ધારાએ
સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું છે.

વિ.સં. ૧૯૯૦ (ઈ.સ. ૧૯૩૪)નું ચાતુર્માસ રાજકોટમાં પૂરું કરી કેટલાક ગામ ફરીને વિ.સં. ૧૯૯૧ (ઈ.સ. ૧૯૩૫)ના ફાગણ વદ-ત્રીજના પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા. પૂ. ગુરુદેવે દિગંબરોના શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરીને પોતાના જ્ઞાનમાં નિર્ણય કર્યો કે દિગંબર ધર્મ જ સાચો ધર્મ છે, અનાદિનો તે જ ધર્મ ચાલ્યો આવે છે. અનંત તીર્થંકરો એ રાજ માર્ગે ચાલીને મોક્ષ પામ્યા છે અને અનંત તીર્થંકરોએ આ દિગંબર માર્ગને જ સ્થાપ્યો છે. આવો પૂ. ગુરુદેવને અંતરમાં દૃઢ નિશ્ચય થવાથી સ્થાનકવાસીનું ચિહ્ન જે મુહપત્તિ તેનો સોનગઢમાં ચૈત્ર સુદ-૧ ૩ના મહામંગળ દિને એટલે કે મહાવીર જિનેન્દ્રના જન્મ કલ્યાણકના દિવસે શ્રી પાર્શ્વનાથજીના ફોટા સામે પૂ. ગુરુદેવે મુહપત્તિનો ત્યાગ કર્યો. અને 'હું બ્રહ્મચારી છું' તેવું પોતાનું પદ દિગંબર ધર્મ અનુસાર જાહેર કર્યું. આવું સંપ્રદાયનું પરિવર્તન તો કોઈ વિરલા જ કરી શકે કે જે પુરુષાર્થી સિંહ એવા પૂ. ગુરુદેવશ્રીએ કર્યું. પૂ. ગુરુદેવશ્રીના પ્રતાપે સત્ધર્મનો કોઈ અદ્ભુત ફેલાવ થયો છે. નાના બાળકોથી લઈને વયોવૃદ્ધ ભાઈ-બહેનો સત્ધર્મનો આદર કરતા અને સત્ધર્મની રુચિ કરતા થયા છે.

આ પંચમ કાળે વીતરાગી સત્ધર્મની પ્રભાવના આવા અદ્વિતીય પુરુષ જ કરી શકે. સામાન્ય મનુષ્યોનું કામ નથી. આવા પરમપુરુષ પૂ. ગુરુદેવના પ્રતાપે આ આત્માએ અનંત કાળમાં જે આ આત્માને જાણ્યો નહોતો તે આત્માને આત્મજાગૃતિ થતાં જાણ્યો-અનુભવ્યો, જેથી ભવભ્રમણનો નાશ થયો અને મુક્તિ નજીક થઈ ગઈ. તે ગુરુદેવને અત્યંત ભક્તિથી નમસ્કાર હો નમસ્કાર હો.

પૂ. બંને બહેનો સોનગઢમાં એવા શુકને આવ્યા અને સાથે સાથે રહેવા લાગ્યા. અને પૂજ્ય ગુરુદેવનો અંતર-બાહ્ય દૃષ્ટિથી હૃદયથી ધાર્મિક લાભ લઈ રહ્યા હતા. ત્યારે ગુરુદેવે બંને બહેનોની પાત્રતા જોતાં કહ્યું કે બંને બહેનો મોક્ષના મોતી છે, ભવ્ય છે, નિકટગામી છે. તેમ છતાં બંને બહેનોની પરીક્ષા કરવા પૂ. ગુરુદેવે પાંચ પ્રશ્નો લખીને મોકલ્યા અને કહ્યું કે બંનેએ જુદા જુદા બેસીને પ્રશ્નોના ઉત્તર પોતપોતાની ભાષાથી લખવા.




ૐ
સહજ ચિદાનંદ
અગુરુ લઘુની વ્યાખ્યા શી રીતે કરી શકો છો?
જ્ઞાન સવિકલ્પ છે તો અનુભવ વખતે સવિકલ્પ કઈ રીતે છે તેની ઘટના કઈ રીતે છે
સર્વજ્ઞની વ્યાખ્યા તમારી ભાષાથી કેવી રીતે થઈ શકાય છે,
બૌદ્ધ વેદાંતાદિ કરતાં જૈનનું જુદાપણું મુખ્ય મુદ્દા સહીત શું માન્યતામાં છે,
આત્મ આનંદ અને નિર્વીકલ્પતામાં ભેદ અથવા કાળનું આંતરું શું છે,
તે પ્રશ્ન વાંચી તરત જવાબ આવે તે લખવા
સર્વોત્કૃષ્ટ પણે તમારી ભાષાથી કઈ રીતે કરો છો,
બન્ને એ જુદુ જુદુ લખવું.

વિ.સં. ૧૯૯૪ (ઈ.સ. ૧૯૩૮)માં સ્વાધ્યાય મંદિરની સ્થાપના થઈ ત્યારથી પૂ. ગુરુદેવ ત્યાં જ સ્થાયી થઈ ગયા. સ્વાધ્યાય મંદિરમાં જિનવાણીની સ્થાપના કરી અને ત્યારથી પૂ. ગુરુદેવના પ્રવચનો શ્રી સમયસાર શાસ્ત્ર પર શરૂ થયા. પૂ. બંને બહેનોએ તે પ્રવચનની નોટ લખવાની શરૂ કરી અને શાસ્ત્રનું વાંચન પૂરું થયું ત્યાં સુધી લખ્યું અને તે લખાણ સૌ પ્રથમ છપાઈને બહાર આવ્યું. સમયસાર પર પૂજ્ય ગુરુદેવના પ્રવચનો.


વિ.સં. ૧૯૯૫ (ઈ.સ. ૧૯૩૯)માં પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત શત્રુંજય તીર્થની યાત્રાએ પધાર્યા. જિનમંદિરમાં દર્શન કરતાં બંને બહેનોને થયું કે આપણને સાક્ષાત્ ભગવાનના તો વિરહ પડ્યા અને આપણે રહીએ છીએ ત્યાં પણ પ્રતિમાજીના દર્શન નથી. તેમની આ ભાવના પૂ. ગુરુદેવ પાસે પહોંચી ગઈ, જેથી પૂ. ગુરુદેવે કહ્યું કે વાત તો સાચી છે. ભાવના ભાવો.

વિ.સં. ૧૯૯૫ (ઈ.સ. ૧૯૩૯)માં રાજકોટમાં પૂ. ગુરુદેવ પધાર્યા. ત્યાં નાનાલાલભાઈ જસાણી તથા જડાવબહેનને બંને બહેનોએ શ્રી જિનમંદિર નિર્માણની ભાવના વ્યક્ત કરી.


સોનગઢમાં મંદિર બંધાવો...

તે વાત નાનાલાલભાઈએ સ્વીકારી અને સોનગઢમાં દિગંબર જિનમંદિર બંધાવવું તેમ ઉલ્લસિત ભાવે નિર્ણય કર્યો.

વિ.સં. ૧૯૯૬ (ઈ.સ. ૧૯૪૦)માં રાજકોટથી સોનગઢ પધારતા પહેલા શ્રી ગિરનાર તીર્થધામની યાત્રા પૂ. ગુરુદેવશ્રી અને પૂ. બંને બહેનોએ સંઘ સહિત ખૂબ જ ભક્તિભાવપૂર્વક કરી. બાલબ્રહ્મચારી તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનના ત્રણ-ત્રણ કલ્યાણક જ્યાં થયા હતા એવા મહાપવિત્ર તીર્થક્ષેત્રની યાત્રા કરતાં પૂ. ગુરુદેવને અપૂર્વ ભાવો જાગ્યા હતા. સહસ્રામવનમાં પૂ. ગુરુદેવને અપૂર્વભાવ આવવાથી સાષ્ટાંગ નમસ્કાર કર્યા હતા. પૂ. બંને બહેનોને યાત્રા દરમ્યાન રોમ-રોમ ઉછળી પડતા હતા. આવી અપૂર્વ યાત્રા કરીને પૂ. ગુરુદેવ સોનગઢ પધાર્યા. તે જ વર્ષે શ્રાવણ સુદ-૧૩ના શ્રી નાનાલાલભાઈ દ્વારા શ્રી જિનમંદિરના શિલાન્યાસનું કાર્ય થયુંઅને ભગવાનના ભેટા જલદી જિનમંદિરમાં થાય એવા હર્ષોલ્લાસ ભાવથી સંપન્ન થયું અને ટૂંક સમયમાં મંદિરનું નિર્માણ થઈ ગયું.



શ્રી જિનમંદિરમાં બિરાજમાન કરવા માટે પ્રતિમાજી લાવવા માટે પૂ. ગુરુદેવે આજ્ઞા કરી કે તમે બંને બહેનો જયપુર જાવ અને વીતરાગી ભાવવાળા પ્રતિમાજી લઈ આવો. તેથી પ્રતિમાજી લેવા બંને બહેનો જયપુર ગયા. ત્યાં પ્રતિમાજીવાળાને ત્યાં ગયા, તો ત્યાં એ ત્રણ પ્રતિમાજી તૈયાર જ હતા, જે હાલમાં સોનગઢ જિનમંદિરમાં બિરાજમાન છે. શ્રી સીમંધરનાથ, શ્રી શાંતિનાથ તથા શ્રી પદ્મપ્રભ. આ ત્રણેય પ્રતિમાજી દેખીને તેઓ નાચી ઉઠ્યા, એટલો આનંદ થયો કે આપણને ભગવાનના ભેટા થયા. સાક્ષાત્ તીર્થંકર દેવનો તો વિરહ પડ્યો છે, પરંતુ વીતરાગી ભાવની પુષ્ટિનું નિમિત્ત વીતરાગી પ્રતિમાજીને નિહાળતાં અંતરમાં શાંતિ થઈ. પ્રફુલ્લતા આવી અને ભગવાનના દર્શન રોજ મળશે એ પ્રકારે સંતોષ થયો.




પૂજ્ય ગુરુદેવ પણ પ્રતિમાજીને જોઈને સ્તબ્ધ થઈ ગયા, અને તેઓને એવા ભાવ આવ્યા કે વાહ ! વીતરાગ તારી મુદ્રા ! હે નાથ ! તારા સાક્ષાત્ દર્શનના તો વિરહા પડ્યા, પરંતુ તારી પ્રતિમાના દર્શનથી સંતોષ માનીશું અને ધર્મારાધના કરીને તારા સાક્ષાત્ દર્શન પામીશું.

વિ.સં. ૧૯૯૭ની સાલના ફાગણ મહિનામાં ધામધૂમથી સીમંધરાદિ ભગવંતોના પંચકલ્યાણક મહોત્સવ સંપન્ન થયો. પૂ. ગુરુદેવને તથા બંને બહેનોને એવા ભાવ આવતા હતા કે જાણે સાક્ષાત્ કલ્યાણક થતા હોય. ફાગણ સુદ બીજના દિવસે ભગવંતોને હર્ષોલ્લાસપૂર્વક જિનમંદિરમાં બિરાજમાન કરવામાં આવ્યા.

સૌરાષ્ટ્રમાં પ્રથમવાર શ્રી સીમંધર ભગવાન પધારતા પૂ. ગુરુદેવ એવા ભાવવિભોર થઈને ગાવા લાગ્યા કે :

*અમીભરી મૂરતિ રચી રે, ઉપમા ન ઘટે કોય,*
*શાંત સુધારસ ઝીલતી રે, નિરખત તૃપ્તિ ન હોય.*
*સીમંધર જિન ! દીઠા લોયણ આજ,*
*મારા સિધ્યા વાંછિત કાજ.*




પૂ. શાંતાબહેન કહેતા કે વીતરાગી ભગવાનનો ઘણો આદર થાય છે અને પોતાના વીતરાગ ભાવની નજીક થવાય છે તથા અદ્‌ભુત ભાવો સ્ફુરાયમાન થાય છે.

પૂ. ગુરુદેવની ઉપસ્થિતિમાં બંને બહેનો (નિત્યક્રમમુજબ) ભક્તિ કરાવતા. બંને બહેનોને દેવ-શાસ્ત્ર-ગુરુનો એટલો અપાર મહિમા આવતો કે દરરોજ દેવ-શાસ્ત્ર-ગુરુ પ્રત્યે સમૂહમાં પૂજા-ભક્તિ કરાવવાનો નિત્યક્રમ થઈ ગયો હતો.

પૂ. ગુરુદેવના પ્રતાપે ગામેગામ શ્રી જિનમંદિર નિર્માણ થયા અને પ્રતિષ્ઠા મહોત્સવ થયા. બધાને




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



વીતરાગી દેવ પ્રત્યે મહિમા આવતા પૂ. ગુરુદેવશ્રીની વાણી સાંભળવા મુમુક્ષુઓના ટોળેટોળા ઉમટતા હતા. પૂ. ગુરુદેવે દિગંબર શાસ્ત્રોનો ગહન અભ્યાસ કર્યો. તેમણે સમયસાર પર ૧૯ વાર સભામાં પ્રવચન કર્યાં. જેમાંના ૮૫૦૦ પ્રવચન કેસેટમાં સંગ્રહિત થયેલા આજે પણ ઉપલબ્ધ છે. એ કેસેટના માધ્યમથી પૂ. ગુરુદેવશ્રીની વાણીને પરોક્ષ રીતે સાંભળીને પણ ઘણાના જીવનમાં પરિવર્તન થયું છે. ઘણા મુમુક્ષુઓ નિયમિત સાંભળીને તેનો લાભ લઈ રહ્યા છે.


પૂ. ગુરુદેવના વ્યાખ્યાનમાંથી ચૈતન્યની અદ્ભુત વાત સાંભળીને દરરોજ સવારે મંદિરમાં બંને બહેનો બેસતા ત્યારે ધ્યાનમાં એકદમલીન થઈ જતા. શ્રી જિનેન્દ્રદેવની ધ્યાનસ્થ મુદ્રાની છત્રછાયામાં ચૈતન્ય સ્વરૂપમાં લીન થઈ જતાં. ઘરે આવીને પૂ. શાંતાબહેન કહેતા કે જ્ઞાયક આત્મામાં જ લીન રહેવાથી સુખ અને શાંતિ લાગે છે. જ્ઞાયક સિવાય બીજા વિકલ્પમાં જરા પણ સુખ ભાસતું નથી, દુઃખ જ લાગે છે, તેમાં સુખ ક્યાંથી ભાસે? જેમજેમ જ્ઞાયકમાં લીનતા વધે છે, તેમતેમ જ્ઞાયકની તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની તીવ્રતા રુચિકર લાગે છે.


વિ.સં. ૨૦૦૭ (ઈ.સ. ૧૯૫૩)માં કલકત્તાના શેઠ શ્રી વછરાજજી ગંગવાલ પહેલી વાર સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય બંને બહેનોના જીવન જોઈને પ્રભાવિત થયા. તેમણે શ્રી જિનમંદિરની નજીક વિશાળ જગ્યા ખરીદી અને બ્રહ્મચારી બહેનો માટે બ્રહ્મચર્યાશ્રમનું નિર્માણ કર્યું. 'શ્રી દિગંબર જૈન ગોગીદેવી શ્રાવિકા બ્રહ્મચર્ય આશ્રમ' ઈ.સ. ૧૯૫૨માં મહા સુદ-૫ના દિવસે પૂ. બંને બહેનોએ ૧૬ બ્રહ્મચારી બહેનો સહિત આશ્રમમાં પ્રવેશ કર્યો. ભગવાનના પાડોશી થવાથી આશ્રમમાં મન ઠરી ગયું. ત્યાં જ સ્થાયી રહીને આત્મારાધના કરવા લાગ્યા. ત્યારપછી બ્રહ્મચારી બહેનો વધતાં વધતાં ૬૪ બહેનો ત્યાં રહેવા લાગ્યા. પૂ. બંને બહેનો બધી બ્રહ્મચારી બહેનોને પોતાની દીકરીની જેમ વાત્સલ્યપૂર્વક રાખતા અને હિતમિત શિક્ષા આપતા. તથા અભ્યાસ પણ કરાવતા હતા.






વિ.સં. ૨૦૦૯ (ઈ.સ. ૧૯૫૩)માં પૂ. ગુરુદેવને ૬૩મું વર્ષ ચાલતું હોવાથી ૬૩ ફૂટ ઉન્નત શ્રી માનસ્તંભજીના પંચકલ્યાણક થયા, ત્યારે વિધિનાયક બાલબ્રહ્મચારી નેમિનાથ મુનિરાજનો આહારદાન પ્રસંગ બ્રહ્મચર્ય આશ્રમમાં થયો. બંને માતાઓના આંગણે આહારદાન દઈને પછી ભક્તિની રમઝટ જમાવી હતી.






વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭)માં પૂ. ગુરુદેવ સંઘ સહિત શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેદ શિખરજીની યાત્રાએ નીકળ્યા. શ્રી સમ્મેદ શિખરજીની પ્રથમવાર યાત્રા કરતા બંને બહેનોના રોમરોમ ઉલ્લસિત થતા હતા. જાણે સિદ્ધ ભગવાનના પવિત્ર ધામમાં આવ્યા હોઈએ, સાક્ષાત્ સિદ્ધોના ભેટા થયા હોય ! પહાડ પર વંદના કરતા મુનિરાજની યાદ આવતી કે ધન્ય તે નિર્ગ્રંથ દશા ! અહો ! એવા મુનિવરના દર્શન ક્યારે થશે. ક્યારે એવી દશા આપણને પ્રાપ્ત થશે ? એવી ભાવના ભાવતા. બંને બહેનો ચર્ચા કરતા કે આપણે અર્જિકા બની, ત્યાગી થઈ આત્માની ચારિત્રદશા આરાધીએ. ક્યારે આપણને સંયમભાવ પ્રાપ્ત થાય એવી ભાવના સ્ફુરાયમાન થતી.

પૂ. ગુરુદેવે સંઘ સહિત પાવાપુરી, રાજગૃહી, ચંપાપુરી, સિદ્ધવરકૂટ, શ્રવણબેલગોલા, પોન્નૂર વગેરે અનેક તીર્થક્ષેત્રની યાત્રા કરી. તીર્થક્ષેત્રોમાં વંદના કરતા પૂ. ગુરુદેવ અત્યંત ભાવવિભોર બની જતા હતા.


પૂ. બહેનને શરીરમાં ઘણા ઘણા પરિષહ આવતા કે રોગનો વેગ તીવ્રતાએ આવે ત્યારે આત્મ-સાધનાના બળે જ્ઞાતા-દૃષ્ટા પણ જાણતા કે ભલે આવે આ ભવમાં બધું નિર્જરવા માટે આવે છે. હવે પછી નવીન શરીર જ ન મળે, એવી અશરીરી દશાની ભાવના ભાવતા. અને શાંતિ-સમતાથી સહ્યા કરતા તથા સતી સીતા, અંજના આદિ ધર્માત્મા જીવોને આકરા અશાતાના ઉદય આવતા છતાં પણ ધર્માત્માની પરિણતિ અંકપપણે રહી. આત્મામાં વિશેષ સ્થિરતા કરે છે તેવા પ્રસંગો યાદ કરતા.

એક વાર તો શરીરમાં તીવ્રતાનો ઉદય આવતા ચેતન સ્વભાવી પોતાના આત્માને સંબોધતા ગીતની રચના કરી :

*'ચેતન સ્વભાવી તું તો દેવ છે...'*

પૂજ્ય બહેન બધા બ્રહ્મચારી બહેનો સાથે બેસી રાત્રિના વાંચન કે ચર્ચા કરતા તથા પૂજ્ય ગુરુદેવના જીવનના સંસ્મરણો કહેતા, તેમજ પ્રથમાનુયોગમાં દર્શાવેલ મહાપુરુષોની જીવનચરિત્રની વાર્તા કહેતા. વાત્સલ્યપૂર્વક મીઠી શિખામણ આપતા કે જે પંથે મહાપુરુષોએ વિચરણ કર્યું, તે પંથે જવા આત્મામાં ઊંડા સંસ્કાર નાખો અને તેઓએ જેવો પુરુષાર્થ કર્યો હતો તેવો પુરુષાર્થ કરવામાં પ્રમાદી થશો નહીં.

પૂજ્ય બહેનના જીવનમાં ઘણા ચડાવ-ઉતાર પ્રસંગો આવ્યા, ઘણા અનુકૂળ-પ્રતિકૂળ પ્રસંગો બન્યા. પરંતુ તેઓ કોઈ પણ પ્રસંગમાં ડગ્યા નહીં. ક્યાંય લેપાતા ન હતા અને જ્ઞાયક દેવની દૃઢ શ્રદ્ધાથી આત્માની લીનતામાં વૃદ્ધિ કરતા અને કહેતા કે ચોથા કાળમાં પણ મહામુનિઓને તેમજ સતીઓને ઉપસર્ગ આવતા, તો આપણને આ કાળે આવે તેમાં કોઈ આશ્ચર્ય નથી. હર પ્રસંગે શાંતિ-સમતાથી પોતાના જ્ઞાયક પ્રભુ સાથે જીત મેળવતા હતા, અને ભવિષ્યમાં પણ તે ધારા વૃદ્ધિ પામીને પૂર્ણતાને પ્રાપ્ત થશે.



ઈ.સ. ૧૯૩૫થી સુવર્ણપુરીનો સૂર્ય પ્રકાશતા ગુરુવાણીના ધોધરૂપે ૪૫ વર્ષ સુધી અમીરસ વરસતા ભવ્ય જીવો તરબોળ થતા. ઈ.સ. ૧૯૮૦ના કારતક વદી સાતમને શુક્રવારે સૂર્ય અસ્ત થતાં, ગુરુના વિરહા પડતા અંધાધૂંધી મચી ગઈ કે આ શું થયું ? આ નશ્વર દેહ છોડી આ સોનગઢનો સિતારો વૈમાનિક દેવમાં ચાલ્યો ગયો, જે બે-ચાર ગણતરીના ભવ કરીને મોક્ષમાં સિધાવશે.

પૂજ્ય ગુરુદેવને પોતાની અંતિમસ્થિતિનો ખ્યાલ આવતાં ચાર દિવસ અગાઉ પૂ. શાંતાબહેન સમક્ષ સંલ્લેખનાની ભાવના વ્યક્ત કરી હતી. પૂ. બહેન કહેતા કે આ પ્રસંગ તો ઘણો જ વૈરાગ્યમય અને દુઃખદાયી છે. માટે બધાએ હવે વૈરાગ્યપૂર્વક પોતાના આત્માનું કાર્ય કરી લેવા જેવું છે. અરે ! આ ગુરુનો વિરહ કેમ સહ્યો જશે ? જેના શરણે આખું જીવન સમર્પિત હતું ? આપણે સૌ ભાવના ભાવીએ કે પૂ. ગુરુદેવ જે ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ આત્માને સાક્ષાત્ બતાવી ગયા છે, તે ચૈતન્ય ચમત્કાર સ્વરૂપ આત્માની આરાધના કરી આપણે પણ શાશ્વત આનંદમાં રહીએ. પૂ. ગુરુદેવશ્રીનો ઉપકાર તો મોક્ષપુરી સુધી ભૂલાય તેમનથી.

પૂજ્ય ગુરુદેવના વિરહા પડ્યા, પરંતુ તેઓની વાણીનો વિરહ નથી. આજે પણ કેસેટ અને સી.ડી.ના માધ્યમથી તેમના પ્રવચનો સાંભળીને ભવ્ય જીવો તેમની અદ્ભુત વૈરાગ્યમય વાણીનું રસપાન કરી રહ્યા છે.

પૂ. બહેનનું શરીર અશક્ત હોવા છતાં પૂ. ગુરુદેવની સ્મૃતિમાં શાશ્વત તીર્થાધિરાજ સમ્મેદશિખરજીની યાત્રા સંઘ સહિત વિદિશાથી નીકળેલ સ્પેશ્યલ ટ્રેન દ્વારા અપૂર્વ ભક્તિભાવપૂર્વક કરી હતી. ટ્રેનને શ્રી કહાનગુરુના મનોહર ચિત્ર દ્વારા શોભાવી હતી. ટ્રેનમાં ગુરુ-ગુણગાન ગાતા ગાતા યાત્રાસ્થળે પહોંચ્યા.

ઈ.સ. ૧૯૮૭ના નવેમ્બર મહિનામાં દક્ષિણમાં શ્રી શ્રવણબેલગોલા બાહુબલીની યાત્રા ખૂબ ભક્તિભાવપૂર્વક મુંબઈથી નીકળેલ સ્પેશ્યલ ટ્રેન દ્વારા કરી હતી, જેનું મુંબઈના સીમંધર જિનાલયમાંથી સંચાલન થયું હતું.

દેવલાલીમાં કહાનનગરમાં શ્રી મહાવીર મંદિર વગેરેનો શિલાન્યાસ મહોત્સવ ભવ્ય રીતે ઊજવાયો હતો. પૂ. બહેનના સ્વહસ્તે શિલાન્યાસ કાર્ય સંપન્ન થયું હતું તથા શિબિરના આયોજનમાં પણ લાભ લીધો હતો.

ઈ.સ. ૧૯૮૮ના ફાગણ સુદી-૧૧ના શુભ દિને સોનગઢથી શત્રુંજય તીર્થધામમાં પૂ. બહેન સંઘ સહિત તીર્થવંદના માટે ગયા હતા. પૂ. બહેનના જન્મદિનની ઊજવણી ભક્તોએ પૂજા-ભક્તિ અને યાત્રા કરીને કરી હતી ને આનંદવિભોર થયા હતા. પૂ. બહેને શત્રુંજયની તળેટીમાં પાંડવ મુનિરાજને યાદ કરી કરીને આવું મુનિપદ ક્યારે આવશે એવી અપૂર્વ ભાવનાથી ખૂબ ભક્તિ કરાવી હતી.

શરીરની સ્થિતિ ઘટતી જતી હતી છતાં આત્મભાવના વૃદ્ધિગત થતી હતી.

પૂ. બહેનના સમાધિમરણના પાંચ દિવસ પહેલા શ્રુતપંચમીના દિવસે શરીરની સ્થિતિ અત્યંત નબળી હોવા છતાં ૧૦૩° તાવમાં શ્રી કુંદકુંદ જ્ઞાનચક્રમાં શ્રી જિનવાણીને હીરા-મોતી અને ચાંદીના ફૂલથી ઉત્સાહપૂર્વક વધાવી હતી, અને બધાને માંગલિક સંભળાવ્યું હતું. તે સમયે પોતે રચેલું શ્રી કુંદકુંદ આચાર્યદેવનું સ્તવન ભક્તિભાવથી ગવડાવ્યું અને જ્ઞાનચક્રવાહિની તથા તેના પર અંકિત જિનસૂત્રોની ચારેય તરફ પ્રદક્ષિણા કરીને નિરીક્ષણ કર્યું. આ વાહિનીમાં જયપુરના વિદ્યાર્થીઓ ઘણા હોવાથી તેઓને જોઈને ખૂબ જ આનંદ વ્યક્ત કર્યો હતો.

જ્ઞાની ધર્માત્મા પૂ. બહેન પોતાના સમાધિમરણની પૂરેપૂરી તૈયારીમાં હતા. તેમણે શ્રી શિવકોટી આચાર્ય રચિત ભગવતી આરાધનાનો બધા બહેનો વચ્ચે આદ્યોપાંત સ્વાધ્યાય કર્યો હતો. જેથી અંતમાં પણ મહામુનિરાજની આરાધના યાદ કરતા કરતા સંલ્લેખના વ્રત ધારણ કર્યું, અને ક્રમે ક્રમે આહારપાણીનો ત્યાગ કર્યો અને મૌનવ્રત લેતા પહેલાં એટલું બોલ્યા કે 'હવે મને બધા પ્રત્યે ઉદાસીનતા આવે છે.' અને ત્યાર પછી આંખ બંધ કરી મૌનપણે રહી પોતે પોતાના સ્વરૂપમાં લીન થયા અને આ દેહનો ત્યાગ કર્યો, જે સામે ઊભેલા ભક્તો ટગટગ જોઈ રહ્યા.

અંતિમ સમય સુધી સ્વરૂપની સાવધાની જોતાં સામે ઊભેલા ભક્તોને આશ્ચર્ય ઉપજ્યું કે અહો ! ધર્માત્માની આવી શાંતિ સમાધિ !

*શાંત સ્વરૂપમાં લીન થઈ સમતાધારી મહાન*
*ધન્ય સમાધિ માતની વંદન વારંવાર*
*બે બે મહિનાની ભાવના ભાવી સમાધિની માત*
*જ્ઞાયક જ્ઞાયક ઘોળિયો સમાઈ રહ્યા સ્વરૂપ માંહિ*
*સર્વ સંઘની સાક્ષીએ લીધું પ્રત્યાખ્યાન*
*જ્યેષ્ઠ સુદી દશમી દિને રાત્રિએ દશ ને પાંચ.*
*ચિરકાળની વિદાય લઈ, ભેટ્યા સીમંધર નાથ.*










સ્વાધ્યાય મંદિરની બહારની ઓસરીમાં સ્વાધ્યાયમાં મગ્ન ગુરુદેવ. પૂ. ગુરુદેવ એક સમય પણ વ્યર્થ જવાદેતા નહીં, એટલો સ્વાધ્યાયનો પ્રેમ, તેમ બધાને કહેતા કે ખરા મુમુક્ષુને દિવસમાં છ થી સાત કલાક સ્વાધ્યાય હોવો જોઈએ. મુમુક્ષુ ત્રણેય અક્ષરમાં હસ્વઉ આવેછે, તે આત્મા તરફ ઝુકે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



આત્મસ્વરૂપના ચિંતનમાં રત પૂ. બેન
પોતાના જીવનનો અમૂલ્ય સમય વેડફ્યા વગર આત્મચિંતનમાં લગાવી દેતા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

હે! ભારતના અણમૂલા ગુરુદેવ!

આપનું તો મૂલ્ય કોઈ આંકી શકે તેમનથી. આપને સાક્ષાત કલ્પવૃક્ષ કે સાક્ષાત રત્નચિંતામણીની ઉપમા આપીએ તો પણતે બરાબર નથી. રત્નચિંતામણી ને કલ્પવૃક્ષ તો જડ છે જ્યારે આપ - તો સાક્ષાત ચૈતન્ય - ચિંતામણી રત્ન હતા. અમને સાક્ષાત રત્નત્રય આપી રહ્યા હતા તે સાક્ષાત ચૈતન્ય સ્પર્શીને આવતી વાણી સાંભળતા અમારા આત્માના અનંત ગુણો ઉછળતા હતા. તે સાક્ષાત ચમકતો ચૈતન્ય તેના દેહના દર્શનથી ચમકતા ચૈતન્યના દર્શન થતા હતા.

હે ગુરુદેવ! આ શરીરની પંદર પંદર વર્ષની ઉંમરથી મેં આપનું શરણ ગ્રહણ કર્યું છે. આપ સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા, ત્યાં શ્વેતાંબરના શાસ્ત્રો વાંચતા હતા, તેમાંથી બધી વાત અધ્યાત્મઉપર ઉતારતા હતા ત્યારે પણ ભેદજ્ઞાન આપની વાણીમાં નીતરતું હતું. જેમપહાડમાં વીજળી પડે ને પહાડના બે ભાગ પડી જાય તો ભેગા થાય નહીં તેમઆત્મજ્ઞાન થતાં ચૈતન્ય અને રાગાદિક શરીરાદિકના ભેદ પડી જાય તે કદી ભેગા થાય નહીં. આવી આપની ભેદજ્ઞાનની વાત આવતી હતી તે બહુજ આ આત્માને રૂચતી હતી.


મને સં. ૧૯૮૧ની સાલમાં ગઢડા ચાતુર્માસમાં આપના દર્શન પહેલી વાર થયા ને આપની અમૃતવાણી સાંભળી ત્યાર પછી સંપ્રદાયના કોઈ પણ સાધુની વાણી સાંભળવી ગમતી નહીં. દર ચાતુર્માસમાં ચાર મહિના અમે આવતા હતા.

સં. ૧૯૮૯ના રાજકોટ ચાતુર્માસમાં પૂ. બેનશ્રી ચંપાબેન મળ્યા. પૂ. બેનશ્રી પણ રાજકોટ ચાતુર્માસમાં રહ્યા.


હે ભારતના અણમૂલા ગુરુદેવ!


આપનું તો મૂલ્ય કોઈ આંકી શકે તેમ નથી
આપની સાધુતા કુંદકુંદ કે સાધુતા રત્નત્રય આભૂષણના
ઉપમા આપનારે તોલન તો બરાબર નથી રત્ન આભૂષણની
કુંદકુંદ તો જડ છે જ્યારે આપ તો સાધુતા વીતરાગ આભૂષણ
રત્ન છો. આપની સાધુતા રત્નત્રય પ્રગટ કરવા છો. તે સાધુતા
વીતરાગ સ્વરૂપી આપના પાપ સાંભળતા અમારા આત્માનું
આત્મગુણથી ઉદ્ભવતા છે. તે સાધુતા સદ્ગુરુ વીતરાગ
તેના હૃદયના દર્શનથી સદ્ગુરુ વીતરાગના દર્શન થતા છે.

હે ગુરુદેવ! આ શરીરના ૯૯ પવિત્ર ઉપકાર મેં આપનું
શરણ ગ્રહણ કર્યું છે આપ સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા
ત્યાં શ્વેતાંબરના શાસ્ત્રો વાંચતા હતા તેમાં પણ બધા વાત
અધ્યાત્મ ઉપર ઉપદેશ હતા ત્યારે પણ ભેદજ્ઞાન આપના
વાણીમાં નીતરતું હતું. જેમ પહાડમાં નાળવું પડે
તો પહાડના બે ભાગ પડી જાય તો ભેગા થાય નહીં
તેમ આત્મજ્ઞાન વડે ચૈતન્ય અને રાગાદિક શરીરાદિકના
ભેદ પડી જાય તો ફરી ભેગા થાય નહીં આવો આપનો ભેદ-
જ્ઞાનનો પાઠ આપતા હતા તે બહુ જ આ આત્માને રુચતા
હતા. મને ૭૮-૭૯ના સાલમાં ગઢડા ચાતુર્માસમાં
આપના દર્શન પહેલીવાર થયા તો આપનો અધ્યાત્મવાણી સાંભળતા
ત્યાર પછી સંપ્રદાયના કોઈ પણ સાધુની વાણી સાંભળવા
ગમતી નથી. દર ચાતુર્માસમાં ચાર મહિના અમો આવતા હતા
૯૯-૯૯ના રાજકોટ ચાતુર્માસમાં ફરીને જૈનધર્મ સાંભળ્યા
મારા ... પણ રાજકોટ ચાતુર્માસમાં રહેલ.



પૂજ્ય બેનને ચૈતન્ય પ્રભુની તાલાવેલી લાગી છે. (વિ.સં. ૧૯૮૯)





ઈ.સ. ૧૯૨૫ની સાલમાં પૂજ્ય બેનની ઉંમર માત્ર ૧૬ વર્ષ, તેઓને સંસાર પ્રત્યેથી ઉદાસીનતા આવવાથી સંસારનો મોહ છોડી દીક્ષા ગ્રહણ કરવાના ભાવ જાગ્યા હતા, તેનું એક જ કારણ હતું કે મારે મારા આત્માનું કાર્ય કરવું છે. દીક્ષા લેવાની ભાવના કુટુંબીજનોને જણાય ગઈ. જેથી માતા-પિતાજી ને તે રુચતું ન હતું. પિતાજી પૂરા પરિવાર સાથે પૂ. કાનજી મહારાજના દર્શને ગઢડા ગામે ચાતુર્માસ હતું ત્યાં ગયા, પૂ. ગુરુદેવ સંપ્રદાયમાં હતા ત્યારથી જ પિતાશ્રીએ કહાનગુરુને સ્વીકાર્યા હતા.

પિતાશ્રીએ કાનજીસ્વામિને કહ્યું : સાહેબ ! બેનને દીક્ષા લેવી છે. તો આપ કૃપા કરી દીક્ષાનું સ્વરૂપ સમજાવો ! ત્યારે કાનજી સ્વામીએ ઘણી જ કરુણાથી દીક્ષાનું સ્વરૂપ સમજાવ્યું કે આત્મ-અનુભવ સિવાય દીક્ષાર્થી જીવન સાર્થક થતું નથી. વગેરે ઘણું ઘણું કહ્યું, તે સાંભળીને એકદમ પલટો થઈ ગયો. અને બે હાથ જોડીને કહ્યું કે પ્રભુ ! હવે મારે દીક્ષા લેવી નથી.

ગુરુદેવે ભેદજ્ઞાનનું સ્વરૂપ બતાવ્યું કે આ આત્મા મન-વચન-કાયાથી, મોહ, રાગ-દ્વેષથી ભિન્ન છે. એવા આત્માનો અનુભવ કરવાનો છે. આ સાંભળીને પૂ. બેને કહ્યું કે સાહેબ આપે જે ભેદજ્ઞાનું સ્વરૂપ બતાવ્યું તે ભેદજ્ઞાન શીઘ્રતાથી પ્રગટ કરવું છે.

બસ, ગુરુનો મહામંત્ર મળ્યો ત્યારથી જ આત્માની ધૂન લાગી ગઈ. ઘરે પણ એકાંતમાં શ્રીમદ્ રાજચંદ્રજીનું પુસ્તક વાંચી વિચારતા અને તે ભેદજ્ઞાનનું સ્વરૂપ પ્રગટ કર્યે જ છૂટકો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



વિ. સં. ૧૯૯૦ રાજકોટ, સદર

પૂજ્ય બેન શાન્તાબેનને

નિર્વિકલ્પદશામાં શુદ્ધાત્મા કેવો જણાયો તે જ તેઓના હસ્તાક્ષરોની કોપી

૧૯૯૦ના આસો વદી ચોથને શુક્રવારના લગભગ રાત્રે દસ વાગતા એકદમ "ઉપયોગ પરથી છૂટીને જ્ઞાયક આત્મામાં લીન થયો ને અદ્‌ભૂત આત્માનો નિર્વિકલ્પ અનુભવ થયો" "અચિંત્ય આનંદ અનુભવ્યો" "ચૈતન્યનું અનુપમસ્વરૂપ અનુભવાયું." આત્માનું ખરેખરું સ્વરૂપ અનુભવાયું.

ખરો આનંદ અનુભવાયો. સાક્ષાત ચૈતન્ય સ્વરૂપ અનુભવાયું. સાક્ષાત સિદ્ધસ્વરૂપ અનુભવાયું. "અનંત અનંત ગુણ ઉછળી નિકળ્યા." "અનંતગુણ સ્વરૂપ ચૈતન્ય અનુભવાયો" ખરેખર સમભાવ સ્વરૂપ સમાધિ સ્વરૂપ જ્ઞાયક આત્મા અનુભવાયો. "જાજવલ્યમાન ચૈતન્ય જ્યોતિ જાગૃતીરૂપે દેદીપ્યમાન કરતી અનુભવમાં આવી." સાક્ષાત જ્ઞાયકરૂપે અનુપમપરિણમન કરતો અનુભવાયો.

વાહ ! ચૈતન્ય વાહ ! તારું સ્વરૂપ તો ખરેખર અદ્‌ભૂત છે. આ રીતે સાક્ષાત ચૈતન્યનો અનુભવ થતાં જ્ઞાયકધારા દૃઢપણે પરિણમવા લાગી, ઉપયોગ બહાર આવતાં એમથયું કે જેના માટે વેદન થતું હતું જેના માટે પ્રયત્ન હતો તે સ્વરૂપ પ્રાપ્ત થયું. આ સ્વરૂપ પ્રાપ્ત થયે જ આત્મા પોતાની પૂર્ણદશા પ્રાપ્ત કરી પૂર્ણતાને પહોંચી શકે છે.

જે પુરુષાર્થથી સમ્યક્‌દર્શન પ્રાપ્ત થયું તે એવી વિશેષતા પૂર્વક પ્રાપ્ત થયું છે. જે સમ્યક્‌દર્શનના ફળમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થશે એવી અપ્રતિહત્‌ ધારાએ સમ્યક્‌દર્શન પ્રાપ્ત થયું છે.




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com




પૂજ્ય બેન કહે છે કેઃ-

સમ્યક્દર્શન પ્રગટ તો થયું, પરંતુ તીવ્ર પુરુષાર્થ પૂર્વક આત્માનુભૂતિના રસપાન થતાં અંદરથી એવો ઉછાળો આવ્યો કે વાહ ! વાહ ! ચૈતન્યદેવનું આવું સ્વરૂપ છે. ''જાજવલ્યમાન ચૈતન્ય જ્યોતિ જાગૃતિરૂપે દેદીપ્યમાન કરતી અનુભવમાં આવી.'' સાક્ષાત્ જ્ઞાયક જ્ઞાયકરૂપે અનુપમ પરિણમન કરતો અનુભવાયો.


*વિ. સં. ૧૯૯૦*





પ્રવચન પહેલાનાં ઘોલનમાં મગ્ન પૂજ્ય ગુરુદેવશ્રી





પૂજ્ય ગુરુદેવના અનન્ય ભક્ત રામજીબાપુજી શાસ્ત્રજીમાં સ્વસ્તિક કરાવી રહ્યા છે.










"ધ્રુવ ધામના - ધ્યેયના - ધ્યાનની ધખતી ધૂણી ધગશ ને ધીરજથી ધખાવવી, તે ધર્મનો ધારક ધર્મી ધન્ય છે."

ભાવનગર, તા. ૨૮-૨-૧૯૭૭




આત્મા સમજે છે ત્યારે પોતાને આનંદરૂપ અનુભવે છે.

- ફાગણ વદ-૩, વિ.સં. ૨૦૩૬
તા. ૨-૩-૧૯૮૦, અમદાવાદ



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રી જિનેન્દ્રના પરમભક્ત પૂ. કહાનગુરુદેવ ભાવવિભોર ચિત્તથી ઘણા-ઘણા
જિનેન્દ્ર ભગવંતોની અંકન્યાસવિધિ કરી છે.
પૂ. કહાગુરુદેવના કરકમળેથી ૩૩ જિનમંદિરોના પંચકલ્યાણક
તેમજ ૩૩ વેદી પ્રતિષ્ઠા કરી છે.

ॐ





**શ્રી પરમાગમ મંદિરમાં પાટીયાની શરૂઆત પૂ. ગુરુદેવ સ્વહસ્તે ૐકાર કરતા અને બધા પાટીયાઓના મૂહૂર્તમાં સૌ મુમુક્ષુઓ સાથે રહેતા.**

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પંડિત બાબુભાઈ ચુનીલાલ મહેતાના ગામ ફતેપુરમાં પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પૂ. શ્રી કહાનગુરુદેવના જન્મદિન વૈશાખ સુદ બીજના દિવસે. (વિ. સં. ૨૦૨૮)


પૂ. ગુરુદેવ વ્યાખ્યાન દરમ્યાન ઘણીવાર કહેતાકે બીજ ઊગી તે ઊગી હવે તો પૂનમ થયે છૂટકો. સમ્યક્ત્વરૂપી બીજ ઊગી તે પૂર્ણ જ્ઞાન-કેવળજ્ઞાન લીધે જ છૂટકો.



મુંબઈ જેવી નગરીમાં પૂજ્ય ગુરુ જયંતિ મનાવવાનો અવસર મળતો,
તેમાં દાદરના મહા ભાગ્યે ગુરુદેવ દાદર પધાર્યા. (વિ.સં. ૨૦૩૨)




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com




પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મંડપમાં રાત્રિના કલ્યાણકના દ્રશ્યો પૂ. ગુરુદેવ જોઈ રહ્યા છે.
પૂજ્ય ગુરુદેવ કહેતા કે પંચ કલ્યાણકના દ્રશ્યો સમ્યક્દર્શન પ્રગટ કરવામાં નિમિત્ત બને છે
અને ભાવોમાં નિર્મળતા આવે છે.



સોનગઢમાં જુલુસ પ્રસંગની તસ્વીર



શ્રી જિનબિંબ પ્રતિષ્ઠા સમયે પૂજ્ય ગુરુદેવ મંગલ સ્વસ્તિક કરી રહ્યા છે.
પ્રતિષ્ઠાના દરેક કાર્યો પૂજ્ય ગુરુદેવના હસ્તે જ પ્રતિષ્ઠાચાર્ય કરાવતા.




ત્રિલોકીનાથ શ્રી સીમંધર પરમાત્મા સો ઈન્દ્રોની ઉપસ્થિતિમાં આ વાત ફરમાવે છે.
તું પરમાત્મા છે, એમ નિર્ણય કર, તું પરમાત્મા છે, એમ નક્કી કર, તું પરમાત્મા છે, એમ અનુભવ કર.

— પૂજ્ય શ્રી ગુરુદેવ




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com


સૌરાષ્ટ્ર દેશમાં સૌ પ્રથમ પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ



શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર,
સોનગઢ (ઈ. સ. ૧૯૪૧)



દીઠી સીમંધર તણી મૂર્તિ અલબેલડી...
ઉજ્જવલ ભર્યો અવતાર રે... મોક્ષગામી ભવથી ઉગારજો. શીવગામી ભવથી ઉગારજો...



સુવર્ણપુરીમાં સૌ પ્રથમ જિન બિંબ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે જુલુસમાં
બંને બેનો શ્રી જિનવાણી લઈને બહુમાનથી ભાવ પૂર્વક
જુલુસની શોભા વધારી રહ્યા છે.
(ઈ.સ. ૧૯૪૧)




સોનગઢમાં પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. બેન બહુમાન પૂર્વક
જિનવાણી લઈને જુલુસમાં સામેલ થયા છે. (ઈ. સ. ૧૯૪૧)




પૂજ્ય ગુરુદેવ બાળ તીર્થંકર જન્માભિષેક કરી રહ્યા છે.




પૂજ્ય ગુરુદેવની સભામાં અગ્રગણ્ય પંડિત ફુલચંદજી સિદ્ધાન્ત શાસ્ત્રી, જગમોહનલાલજી, બાબુ યુગલકિશોરજી, રામજીભાઈ - નવનીતભાઈ વગેરે અગ્રગણી શોભી રહ્યા છે.



સોનગઢમાં ગોત્રીદેવી બ્ર. આશ્રમમાં મુનિરાજને આહારદાનનું દૃશ્ય,
શ્રી માનસ્થંભજીની પ્રતિષ્ઠા પ્રસંગે (વિ. સં. ૨૦૦૯)



પંચ કલ્યાણકના જન્મકલ્યાણકમાં પૂજ્ય બેનશ્રી અને પૂ. બેન બાલકુંવરને ઝૂલાવી રહ્યા છે.
પૂજ્ય ગુરુદેવ પણ પારણાં ઝૂલાવતા કહે કે :-
હે બાલક ! તું શુદ્ધોસિ, બુદ્ધોસિ, નિર્વિકલ્પોસિ કહી બોલાવતા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રી પંચ કલ્યાણકમાં અંતિમ દિને નિર્વાણ કલ્યાણક પ્રસંગને નિહાળી રહ્યા છે.

- આત્મસ્વરૂપની પ્રાપ્તિ, તે ગર્ભ-જન્મકલ્યાણક છે.
- આત્મસ્વરૂપમાં લીનતા થવી, તે તપ કલ્યાણક છે.
- આત્મા સાક્ષાત્ ભગવાનરૂપે પ્રણમી જાય, તે જ્ઞાન કલ્યાણક છે.
- આત્મા ચૈતન્યદેવ જ્ઞાયકવેદી પર બિરાજમાન થઈ જાય, તે મોક્ષકલ્યાણક છે.

- પૂ. શાંતાબેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પૂજ્ય બેનશ્રી ચંપાબેન તથા પૂજ્ય બેનશ્રી શાન્તાબેન પહેલી વાર બંનેનું મિલન થતાં એક બીજાની આંખમાં આંખ મળી ગઈ કે જાણે પરિચીત હોય !

(વિ.સં. ૧૯૮૯)



પૂજ્ય બેનશ્રી - પૂજ્ય બેન એકાંતમાં વડલા નીચે બેઠા બેઠા આત્માનુભૂતિની ચર્ચા કરે છે.
પૂજ્ય બેનનો પૂજ્ય બેનશ્રી પ્રત્યે વિનય દૃશ્યમાન થાય છે.
પૂ. બેનશ્રીને, પૂજ્ય બેનની પાત્રતા જોઈને આનંદ થતો.



પૂજ્ય બેનશ્રીના આત્માનો અને આ આત્માનો એવો કોઈ સહજ સંબંધ વર્તે છે કે તે આત્મા અને આ આત્મા તે બંને જુદા દ્રવ્યો હોવા છતાં બંનેના ચૈતન્યની પરિણતી ઘણી ઘણીવાર એકી સાથે એક સરખી જ અમુક પ્રકારે પરિણમે છે, તેમ કાર્મણ કોથળીમાંથી પણ ઘણી ઘણીવાર ઉદય એક સરખો જ એકીસાથે જ પ્રગટ થાય છે. તેમજ ઔદારિક શરીરમાં પણ ઘણી ઘણીવાર અશાતા-સાતાનો ઉદય એક સરખો એકીસાથે પ્રગટ થાય છે, તેમ વર્તમાનમાં વર્તે છે. આ સંબંધ આ કાળે આશ્ચર્ય ઉપજાવે છે.

ભવાંતરમાં અમે બંને આત્મા સાથે સાથે સાધક દશા વધારી સાથે સાથે કેવળજ્ઞાન પામી સાથે સાથે મોક્ષ જશું, તેમ આ આત્મા સહજપણે કહે છે, તે તેમજ છે અને સત્ય છે.

— પૂજ્ય બેન, સંવત ૧૯૯૧, ઈ.સ. ૧૯૩૫







સમ્યગ્દર્શન પોતે જ દ્રવ્ય મહિમાવંત છે, શ્રદ્ધામાં આખું દ્રવ્ય આવી જાય છે. એવા મહિમાવંત દ્રવ્યને દેખે તો પર્યાય મહિમાવંત થાય. એવો ચૈતન્ય પદાર્થ મહા મહિમાવંત છે તેની શ્રદ્ધા કરે, દ્રષ્ટિમાં આખું દ્રવ્ય આવે અને એની પર્યાયનો મહિમા આવે કે અહો ! આવો પદાર્થ "હું" છું, મારામાં બધું સુખ ભર્યું છે. — પૂજ્ય બેન



આશ્રમમાં આવ્યા પહેલા બંને બેનો એવી આરાધનામાં મસ્ત રહેતા અને
શ્રી સમયસારની એવી મહિમા આવતી કે બધા ગુણોની પૂર્ણપણે આરાધના કરવાની
ભાવના કરી પૂર્ણતાને પ્રાપ્ત કરીએ એ જ ભાવના રહેતી.



બંને સખીનું મિલન થતા એકબીજાના મન એવા મળી ગયા
જાણે બંને બેનો સગી બહેનો હોય !!




સવિકલ્પ દશામાં પણ જ્ઞાયકની સ્થિરતા સહજપણે બરાબર રહે છે.
જ્ઞાતા જ્ઞાતાપણે રહીને જે વિકલ્પ આવે તેને જ્ઞેયપણે જાણે છે.
ભેદજ્ઞાનની પરિણતિ પ્રગટપણે નિઃશંકપણે બરાબર પ્રણમી રહી છે.

— પૂજ્ય બેન



બહેનોની સભામાં રાત્રિના બંને બહેનો ૩૦-૩૦ મિનિટ એ પ્રમાણે એક કલાક સ્વાધ્યાય કરતા,
પોતાની અનુભૂતિની વાતો સંભળાવતા હતા.
તેમજ પ્રથમાનુયોગના પ્રકરણમાંથી ઘણી ઘણીવાર વાર્તાઓ કહેતા હતા.



આશ્રમના સ્વાધ્યાય ભવનના ચોકમાં તત્ત્વચર્ચા કરતા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com




પૂ. ગુરુદેવ અંતરજ્ઞાનથી અને દિગંબર શાસ્ત્ર દ્વારા નક્કી કરેલું કે
દિગંબર ધર્મ જ સાચો ધર્મ છે. અનાદિનો તે જ ધર્મ ચાલ્યો આવે છે. અનંત તીર્થંકરો
આ માર્ગે ચાલીને મોક્ષ પામ્યા છે. અને અનંત તીર્થંકરોએ આ દિગંબર માર્ગને જ સ્થાપ્યો છે.

- પૂ. શાંતાબેન (ઈ. સ. ૧૯૩૫)



આશ્રમના બગીચામાં સાંજે ફરવા નીકળતા ત્યારે તત્ત્વચર્ચા કરતાં-કરતાં ગુરુવાણીની પણ એવી મહિમા કરતા. તેઓ કહેતા કે પૂ. ગુરુદેવશ્રી તો વ્યાખ્યાન કરતાં એવા તરબોળ થઈ જાય છે કે જેમ અબરખના પડના પડ ઉખડતા જાય તેમ પૂ. ગુરુદેવશ્રીની વાણીમાં પણ જ્ઞાનમાંથી જ્ઞાન... જ્ઞાન... જ્ઞાન આવતું જ જાય છે.

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



પૂ. બેન ચારેકોર સિદ્ધભગવંતો બિરાજતા હોય તેવું દૃશ્ય દેખી રહ્યા છે.

જેમાં સુખ ન હોય, તેમાં સુખ ક્યાંથી ભાસે ? જેમ જેમ જ્ઞાયકમાં લીન થવાય છે, તેમ તેમ જ્ઞાયકની તીવ્રતા થતી જાય છે. જ્ઞાયકની તીવ્રતા તે જ રૂચિકર લાગે છે.

- પૂ. શાંતાબેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



બંને બેનોને સમય મળતા તેઓને એકાંત પસંદ પડતું જેથી આશ્રમના
બગીચામાં આત્મસાધના કરતા.






*હે કૃપાળુ કહાન ગુરુદેવ !!!*
*આ આત્માની યોગ્યતા જ એવી હતી કે જ્ઞાનીના તદ્દન નીકટના*
*સમાગમવડે ચૈતન્ય પ્રભુ તીવ્રતાએ જાગે અને પરમતત્ત્વ પામે.*
*તે સર્વ સુયોગ પ્રભુ ! આપના પ્રતાપે થયો.*
*શ્રી સદ્ગુરુ મહિમા કોઈ અદ્ભૂત અને અપાર છે.*

**- પૂજ્ય બેન**



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

ॐ




શ્રી ગોગીદેવી બ્રહ્મચર્ય આશ્રમ - બંને બેનો, પૂ. ગુરુદેવ આહાર માટે પધારી રહ્યા છે તેની પ્રતિક્ષા કરે છે.



પૂજ્ય શ્રીગુરુદેવને આહાર આપતા
બંને બેનો તન-મન-ધનથી રંગાય જાય છે...



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પૂજ્ય બેનશ્રી અને પૂજ્ય બેન પોતાના નિવાસ-સ્થાનેથી બહાર સ્વાધ્યાય માટે જઈ રહ્યા છે. બ્રહ્મચારી બેનોને પણ જિનવાણીના રહસ્ય સમજાવતા, ગાથાઓ કંઠસ્થ કરાવતા. તેઓ બેનોને સંબોધન કરતા કે ઘરની રસોઈ કે કોઈપણ પ્રવૃત્તિ દરમ્યાન એક આત્માને ઉર્ધ્વ રાખવો તે આત્માર્થીના લક્ષણ છે.

— પૂજ્ય બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પૂ. ગુરુદેવના વ્યાખ્યાનમાં ચૈતન્ય-આનંદનું
ઘોલન સાંભળીને આનંદ માણતાં-માણતાં આવે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org




પૂજ્ય ગુરુદેવના પ્રવચનો એવા એકાગ્રતા પૂર્વક
સાંભળે છે કે જેમાં પોતાનો જ્ઞાયક ઘૂંટાય છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# દૈનિક ધ્યાનાવસ્થા



સોનગઢમાં પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો નિત્યક્રમમાં સવારે અને બપોરે થતા અને રાત્રિના સમયે તત્ત્વચર્ચા થતી જેમાં માત્ર ભાઈઓ જ લાભ લઈ શકતા.

દરરોજ સવારના પ્રવચન પછી બંને બહેનો સીમંધર જિનાલયમાં જતા. પ્રવચનની ધૂનમાં રમતાં-રમતાં આત્મસ્વરૂપના ચિંતનમાં એવા ડૂબી જતા કે સ્વરૂપ ચિંતનની મસ્તીમાંથી બહાર આવવું ગમતું જ નહીં.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org





શ્રી જિનેન્દ્ર પ્રતિમાજીની અદ્ભૂત મહિમા છે.
સાક્ષાત્ વીતરાગતાના દર્શન કરતાં,
તેમાં વીતરાગી દેવનું બહુમાન આવતાં
પોતાના વીતરાગ ભાવની પુષ્ટિ થાય છે.
વીતરાગભાવનો ઘણો આદર થાય છે.

- પૂજ્ય બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org




સીમંધર ભગવાનના દર્શન કરતાં જાણે કે સાક્ષાત વીતરાગતાના દર્શન કરતાં હોઈએ ત્યારે એમ થતું કે જાણે વીતરાગ સ્વરૂપનું બહુમાન આવે છે, અને પોતાના વીતરાગ ભાવની પુષ્ટિ થાય છે.

— પૂજ્ય બેન




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



સાક્ષાત તીર્થંકર દેવ - વીતરાગ દેવનો મહિમા અદ્‌ભૂત છે. - પૂ. શાંતાબેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



ગુરુ દીવો ગુરુ દેવતા ગુરુવર ગુણની ખાણ
ગુરુ વસે જો અંતરમાં તો પામે ભવનો પાર
ગુરુવર શ્રુતજ્ઞાની ઘણા નય નિક્ષેપ અપાર
દ્રવ્યાર્થિક નય મુખ્ય કરી આપે ચેતન રાજ.

— પૂજ્ય બેન




પૂજ્ય ગુરુદેવે સિદ્ધોની મહિમા સમજાવી જેથી એમલાગે છે કે જાણે સિદ્ધ ભગવાનના ધામમાં આવ્યા હોઈએ !! સિદ્ધોને નીરખતા તૃપ્તિ થતી નથી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રી જિનવાણીમાં સ્વસ્તિક કરી રહ્યા છે.


गिरनार
कैलाशगिरि
सम्मेद शिखर
चम्पापुर
पावापुर



## શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



વન-જંગલ દેખીને મુનિવરોને યાદ કરતાં આપણને એવી દશા ક્યારે પ્રાપ્ત થશે ? કે સર્વ ઉપાધિથી મુક્ત થઈને આત્મસમાધિમાં લીન થઈને સયંમભાવ પ્રાપ્ત કરીને વન-જંગલમાં આત્મસાધના સાધીએ.


— પૂ. બ્હેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



સિદ્ધિધામની યાત્રા કરતાં જાણે કે સિદ્ધભગવંતોના દર્શન થતાં હોય
તેમપાર્શ્વનાથ ભગવાનની ટૂંક ઉતરતાં - ઉતરતાં ભાવના ભાવે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



પૂજ્ય બેનને શાશ્વત તીર્થધામના દર્શન થતાં
રોમરોમ ઉલ્લસી જતાં હતા.

## શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી








Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com


## શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



શ્રી સમ્મેદશિખરજીની અપૂર્વ યાત્રા કરી રહ્યા છે, અને પહાડને નિહાળી રહ્યા છે.









Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

## શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



પૂજ્ય ગુરુદેવ સાથે સિદ્ધિધામની યાત્રા કરતાં
અપૂર્વ આનંદ-આનંદ આવે છે.




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી





શાશ્વતધામ શ્રી સમ્મેદશિખરની અપૂર્વ યાત્રા એવી ભક્તિભાવે કરી,
અને નીચે ઉતરીને પૂજ્ય ગુરુદેવના ભોજનની તૈયારી કરી બંને બેનો રોટલી બનાવે છે.
દેખો ! કેવી ગુરુભક્તિ છે. જ્ઞાનની મહિમા જ્ઞાનીઓ જ જાણી શકે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી






જય બોલો, જય બોલો, સમ્મેદશિખર કી જય બોલો...
તીરથરાજ મહાન, શિખર કી જય બોલો.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



યાત્રા પ્રસંગે મુમુક્ષુઓની સભામાં અમૃતરસપાન કરાવી રહ્યા છે.



ભેદજ્ઞાન થયા પછી એમ થાય છે કે હું પોતે જ જ્ઞાયક આત્મા છું.
હું સુખથી ભરેલો છું. મારામાં જ સુખ છે. મારામાંથી જ સુખ પ્રગટે છે.
— પૂ. શાંતાબેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



ધન્ય છે અરિહંત - સિદ્ધ ભગવાનને જેણે પોતાની પૂર્ણ શુદ્ધતા પ્રાપ્ત કરી કૃત્ય કૃત્ય થયા છે.
તેઓને વારંવાર નમસ્કાર હો.

— પૂજ્ય બેન

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



સિદ્ધિધામની યાત્રા કરતા
જાણે સિદ્ધ ભગવંતોના દર્શન થયા હોય તેવું લાગે છે.
— પૂજ્ય બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી






શિખરજીમાં આઠ દિવસ રહી શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજન કરતા કરતા
તથા સિદ્ધોના ગુણગાન કરતા થાક લાગતો નહી, અને અંતરના વીર્યપૂર્વક
બધાને સંબોધી રહ્યા છે કે આ હું... હું... હું કરનારો
પોતે જ સિદ્ધ સમાન અંતરમાં બેઠો છે.


ॐ



સિદ્ધો કી શ્રેણીમેં આનેવાલા જિનકા નામ હૈ,
જગ કે ઉન સબ મુનિરાજો કો મેરા નમ્ર પ્રણામ હૈ.




શ્રી શાશ્વતધામ સમ્મેદશિખરજીની યાત્રા પ્રસંગે શ્રી કહાનગુરુ ઈસરીમાં પ્રવચન આપી રહ્યા છે, તે વાણી મુનિરાજ પણ ઉલ્લાસથી સાંભળી રહ્યા છે. પોતાની જ વાત કોને ગમે નહીં ?



પૂ. ગુરુદેવની જન્મજયંતી પ્રસંગે લાલબહાદુર શાસ્ત્રી ગુરુદેવને અભિનંદન ગ્રંથ ભેટ અર્પણ કરી રહ્યા છે. ગુરુદેવના આશીર્વાદથી બીજે જ દિવસે શાસ્ત્રીજીએ વડાપ્રધાન પદ ગ્રહણ કર્યું હતું. (ઈ.સ. ૧૯૬૪)

પૂજ્ય ગુરુદેવ સાથે સંઘ સહિત શિખરજીની અપૂર્વ યાત્રા.
યાત્રા કરતાં સિદ્ધોની મહિમા ગાતા આંગળીથી બતાવીને કહ્યું,
આ રહ્યા... સિદ્ધ ભગવાન આ રહ્યા... સમશ્રેણીએ
અનંત સિદ્ધ પરમાત્મા અહી બિરાજમાન છે.


શાશ્વત તીર્થધામસમ્મેદશિખરજીની વંદના કરતાં બંને બેનોના રોમ-રોમઉલ્લસિત થતા હતા કે અહો... આપણે સિદ્ધોની ભૂમિમાં આવ્યા છીએ. અહીંની ભૂમિનો એક-એક કણ મહાપવિત્ર છે, જ્યાંથી અનંતાનંત મુનિવરો સિદ્ધિ પામ્યા છે.

કેવા હશે એ નિર્ગ્રંથોના માર્ગ
અહો એને વંદન વારં વાર
રાજપાટ ત્યાગી વસે, શિખર એ ધામમાં (૨)
વિકરાળ પ્રાણી વસે આસપાસ
અહો એને વંદન લાખ
જ્ઞાનમાં વિચરતાને, સ્વરૂપમાં ઝૂલતા (૨)
વસે એ સ્વરૂપ આવાસ
અહો એને વંદન લાખ
ધન્ય તે દેશને જ્યાં, ટોળેટોળા મુનિરાજના (૨)

આવી ભક્તિ કરતાં કરતાં એટલા પ્રમુદિત થયા કે તેમને પહાડ પરથી પાછા ફરવાનું મન થતું જ ન હતું.

દર્શન કરતા જાય ભવ આતાપ... અહો.
ક્યારે એવા મુનિરૂપે થઈ જઈશું...
આવી ભાવના બંને બેનો ભાવતા હતા.

શ્રી મન્દારગિરી ક્ષેત્રનું એક દ્રશ્ય...



રેલ્વે પ્લેટફોર્મ ઉપર યાત્રિકો દ્વારા જિનેન્દ્ર પૂજન...




ભગવાન શીતલનાથ તીર્થયાત્રા સંઘની રેલગાડીને યાત્રા પ્રવાસ
પ્રારંભ કરવા માટે સંકેત સ્વરુપ લીલી ઝંડી બતાવતા
પં. બાબુભાઈ ચુનીલાલજી મહેતા, ફતેપુર (ઈ.સ. ૧૯૮૧)


# શાશ્વત તીર્થધામ સમ્મેદશિખરજી



તીર્થક્ષેત્રની યાત્રા કરતાં અનંતા સિદ્ધોને ભેટ્યાં જેટલો આનંદ થાય છે.
જેવા સિદ્ધભગવાન છે તેવો જ અંશે સિદ્ધસમાન અનુભવ થાય છે.
બધા ગુણોની પૂર્ણપણે આરાધના કરવાની ભાવના હો, અને પૂર્ણતા પ્રગટ હો. — પૂજ્ય બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com





રાજગૃહીના પંચ પહાડોની યાત્રા કરીને
પહાડ પરથી પંચ પહાડનું નિરીક્ષણ કરી રહ્યા છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શ્રી પાવાપુરી







Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com


# શ્રી પાવાપુરી



પૂજ્ય ગુરુદેવ સંઘ સહિત શ્રી પાવાપુરીમાં શ્રી મહાવીર પ્રભુના સંસ્મરણ કરાવે છે.
તથા પૂજ્ય બેનશ્રી પૂજ્ય બેન પણ ભક્તિ કરતા નાચી ઉઠે છે.



# શ્રી પાવાપુરી




મોક્ષ કલ્યાણક પાવાપુરીમાં
વીર પ્રભુ સિદ્ધ થયા છે...
સમશ્રેણી પ્રભુ પાવાપુરીમાં
મુક્તિમાં બિરાજ્યા મારા નાથ...
હે વીર ! હે વીર ! ભરતક્ષેત્રમાં
સેવક કરે તુને સાદ...
સિદ્ધ મંદિરે નાથ બિરાજ્યા,
શાસનમાં જાગ્યા કોઈ સંત...



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# શ્રી પાવાપુરી







Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રી ગજપંથા તીર્થક્ષેત્રથી સાત બલભદ્ર તથા આઠ કરોડ મુનિવર મોક્ષ ગયા છે. વિ.સં. ૨૦૧૩ના પોષ વદી એકમના દિવસે પૂ. શ્રી કાનજીસ્વામીની સાથે એક હજાર યાત્રિકોએ સિદ્ધ ભગવાનનો જય જયકાર કરતા અતિ પ્રસન્નતાથી ગજપંથા તીર્થક્ષેત્રની યાત્રા કરી હતી.



સોનગઢમાં સૌ પ્રથમવાર શ્રી માનસ્તંભજી ભગવાનની પધરામણી કરવાનું નક્કી કર્યું હતું. ત્યારે પૂજ્ય બંને બેનો માંગીતુંગીની યાત્રા કરવા તથા શ્રી માનસ્તંભજીના ખાસ દર્શન કરવા ગયા હતા, અને શ્રી રામચંદ્રજી તથા શ્રી હનુમાનજીની નિર્વાણ ભૂમિ છે, સાથે ૯૯ કરોડ મુનિભગવંતો આ પવિત્ર ભૂમિથી મોક્ષ પધાર્યા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



ગોમટેશ-બાહુબલીની યાત્રા પ્રસંગે પૂ. ગુરુદેવ સંઘ સહિત અનેક તીર્થોની યાત્રા કરી હતી. શ્રી બાહુબલીજીના દર્શન કરતા હર્ષ ઉભરાય છે. અને સૌ પ્રથમકળશ અભિષેકની બોલી શ્રી પ્રભુભાઈ ઘીયા તથા રતીભાઈ ઘીયા બંને ભાઈઓની હતી. જેથી પ્રથમકળશથી પૂ. ગુરુદેવ શ્રી બાહુબલીસ્વામીનો અભિષેક કરી રહ્યા છે. (વિ. સં. ૨૦૧૫)




મૂડબિદ્રીની યાત્રા કરવા જતા રસ્તામાં જંગલ જોતા બધા ત્યાં જ ઊભા રહી ગયા કે જંગલની કુદરતી રચના જોઈને આશ્ચર્ય થાય છે કે આવા જંગલમાં ક્યાં મુનિરાજના દર્શન થાય ?

પૂજ્ય ગુરુદેવ પણ કહેતા કે કેવા કાળમાં આવ્યા કે કોઈ ભાવલિંગી મુનિરાજના દર્શન પણ નથી.




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



બાવનગજાના પહાડ પર વિશાલકાય શ્રી આદિનાથ પ્રભુના
દર્શન કરતાં નેત્રો ઠરી ગયા હતા. (વિ.સં. ૨૦૧૩)





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



ગ્વાલીયરના ગોપાચલ પર્વત પર પૂજ્ય બંને બહેનો
તથા પૂજ્ય બેનશ્રીની સાઈડમાં પૂજ્ય બેનના પિતાશ્રી મણીભાઈ છે.

# પોન્નૂર



## કુંદકુંદ આચાર્યદેવની સમાધિ સ્થલ

# શ્રી કુંદાદ્રિ









Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રી કારકલ




# શ્રી પપૌરાજી







દહેગામ - મહારાષ્ટ્ર






શ્રી કુંથલગિરી - મહારાષ્ટ્ર



કોલ્હાપુર જિલ્લામાં શ્રી કુંભોજ-બાહુબલી એક અપૂર્વ તીર્થ છે. પૂજ્ય ગુરુદેવની સમાધિ પછી ગજાબેનનો ખૂબજ આગ્રહ હોવાથી પૂજ્ય બેન એક મહિનો આત્મ-આરાધના માટે ત્યાં રહ્યા હતા. ત્યાં શ્રી સમંતભદ્ર મુનિરાજ પોતાની અવસ્થાને કારણે ત્યાં જ રહેતા, તેઓને પૂજ્ય ગુરુદેવ પ્રત્યે અપાર ભક્તિ હતી અને શ્રી સમયસારની ગાથા એક એક કંઠસ્થ હતી. તેઓની પાત્રતા પવિત્ર હતી.




પાવાગઢની યાત્રા કરીને

પૂજ્ય ભગવતી માતાઓ જંગલમાં ધ્યાનમાં જામી ગયા છે,

અને બીજા બેનો જોઈ રહ્યા છે.



સોનગઢમાં સમવસરણમાં બંને બહેનો દર્શન કરી રહ્યા છે,
અને ભાવના ભાવે છે કે ક્યારે આ સાક્ષાત્ જિનને નિરખશું...





શ્રી માનસ્તંભજીના પ્રાંગણમાંથી
ઘર તરફ જઈ રહ્યા છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com







સુવર્ણપુરીમાં શ્રી માનસ્તંભજીની શીલા જયપુરથી આવતા પૂજ્ય બેનો
તથા આખો મુમુક્ષુ સમાજ તેને નિહાળી રહ્યા છે. (વિ. સં. ૨૦૦૮)



સુવર્ણધામ(સોનગઢ)માં
શ્રી માનસ્તંભજીના પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે
પૂજ્ય બેનો શ્રી માનસ્તંભજીને
નિહાળી દર્શન કરી રહ્યા છે.





"ધન્ય ભાગ્ય અમારે આંગણે પધાર્યા માનસ્તંભ ભગવાન
વધાવું આજ હીરલે થાળ, ભરી ભગવાન..."

શ્રી માનસ્તંભજીના પંચ કલ્યાણક પ્રતિષ્ઠા થયા પછી
પૂજ્ય બંને બહેનો ભગવાન પાસે પૂજા કરી રહ્યા છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



સોનગઢમાં શ્રી માનસ્તંભજીના
મહા મંગળ વાર્ષિક દિને સમૂહ પૂજન કેવી પ્રસન્નતાથી
બંને બહેનો કરાવી રહ્યા છે.
જ્ઞાનીઓને પૂજન કરતા પણ પોતાનો આત્મા ઉછળે છે.



પરમાગમ મંદિરની પત્રિકા પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરી
બંને બેનોને અર્પણ કરી રહ્યા છે.




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com






પરમાગમ મંદિર પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે
નાંદી-વિધાન કળશ પૂ. બેનશ્રી તથા પૂ. બેન બંને વારાફરતી લે છે.



સુવર્ણપુરી સોનગઢમાં પરમાગમ મંદિરના પ્રતિષ્ઠા પ્રસંગે
કળશ શુદ્ધિ, વેદીશુદ્ધિ કરતા પૂજ્ય બેન શાન્તાબેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પ્રૌઢ શિક્ષણ શિબિરમાં લગભગ ૨,૦૦૦ મુમુક્ષુ સમાજની સાક્ષીમાં શ્રાવણ વદ એકમના દિને પૂ. ગુરુદેવશ્રી નવ બ્રહ્મચારી બેનોને વિધિસર પ્રતિજ્ઞા દઈ રહ્યા છે. તેઓએ સભામાં કહ્યું કે દીકરીયુંના કેવા ભાગ્ય છે કે આવા બેનો મળ્યા છે. (ઈ.સ. ૧૯૬૭)



નવ બ્રહ્મચારી બેનોની પ્રતિજ્ઞાના દિવસે...



સોનગઢમાં શ્રી સીમંધર જિનાલયમાં પૂજ્ય બેનશ્રી બેનો સમૂહ પૂજા કરાવી રહ્યા છે, જેમાં પૂ. બેનની પાછળ તેમના બેન કાંતાબેન તથા બાજુમાં સવિતાબેન તથા લાભુબેન પૂજામાં સામેલ છે. પૂજ્ય બંને બેનોનો ઉત્સાહ જોઈને બીજા મુમુક્ષુઓ પણ ઉત્સાહિત થઈને તેમની સાથે જોડાતા.




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



આશ્રમમાં ગુરુરાજના ચરણથી
આનંદ-મંગળમય વાતાવરણ બની રહ્યું છે...



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શ્રી ગોગીદેવી બ્રહ્મચર્ય શ્રાવિકાશ્રમમાં પૂજ્ય ભગવતી માતાઓના
નિવાસસ્થાને પૂજ્ય કૃપાળુ ગુરુરાજ ભોજનાર્થે પધાર્યા છે.




શ્રી ગોગીદેવી બ્રહ્મચર્ય - શ્રાવિકા આશ્રમ



સોનગઢમાં પૂ. બેનશ્રી તથા બેનના સાનિધ્યમાં
ચોસઠ બ્ર. બેનો પ્રતિજ્ઞા લઈને
આત્મ સાધનામય જીવન વ્યતિત કરે છે. (ઈ.સ. ૧૯૬૭)



દાદર પંચ કલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ દરમ્યાન પ્રભુના કેવળજ્ઞાન કલ્યાણક પ્રસંગે ભગવાનની દિવ્ય ધ્વનિનું જાણે સાક્ષાત્ રસપાન કરી રહ્યા હોય. એવી અરિહંત પ્રભુની મહિમા આવે છે.

(વિ. સં. ૨૦૨૦)






દાદર પંચ કલ્યાણ પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે પૂ. ભગવતી માતાઓ
બાળકુંવરના વસ્ત્રાભૂષણ નિહાળી રહ્યા છે, અને ભક્તિ ગાય છે કે :-
હીરાના હાર પહેરો રે નેમીકુમાર, માતાજીના મનડા મોહે... (વિ. સં. ૨૦૨૦)



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com




યાગ મંડલ વિધાન પૂજન





ધ્વજા પર સ્વસ્તિક ચિહ્ન કરતા...



શ્રી જિનબિંબ પ્રતિષ્ઠા મહોત્સવે શ્રી યાગ મંડલ વિધાન પૂજનમાં લવલીન બંને માતાઓ. (વિ. સં. ૨૦૨૦)



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com




દાદર મંદિરના પ્રતિષ્ઠા પ્રસંગે શ્રી જિન મંદિરમાં નૂતન જિનબિંબો સન્મુખ
પૂજ્ય ભગવતી માતાઓ અજમેર ભજન મંડળી સાથે ભક્તિમાં રસબોળ



ત્રિલોકીનાથ સર્વજ્ઞ પરમાત્માએ કહ્યું છે કે - પ્રભુ ! તારી વસ્તુમાં અનંતજ્ઞાન છે ને નાથ ! અતીન્દ્રિય
અનંત આનંદ ભર્યો છે ને ભાઈ ! હરણિયાની નાભિમાં કસ્તુરી છે, પણ મૃગલાને તેની ખબર નથી.
એમ પ્રભુ તારા સ્વભાવમાં એકલો આનંદ ભર્યો છે.
અરે ! આવું સાંભળ્યું પણ ન હોય. — પૂજ્ય શ્રી ગુરુદેવ
(વિ. સં. ૨૦૨૦)

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org



જન્મ કલ્યાણક મહોત્સવે
બાળ કુંવરને પારણે ઝૂલાવતા
પૂજ્ય શાન્તાબેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



જન્મ કલ્યાણક પ્રસંગે
બાળકુંવરના આગમનની પ્રતિક્ષા કરતા ભગવતી માતાઓ...
(દાદર - વિ. સં. ૨૦૨૦)



પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે અંકુરા રોપણ વિધિ
પૂજ્ય શાન્તાબેન કરી રહ્યા છે.
ફતેપુર



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



મુંબઈમાં પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગે



મુંબઈ નગરીમાં જન્મ કલ્યાણકનું ઝૂલુસ



મુંબઈમાં સીમંધર જિન-બિંબ પ્રતિષ્ઠા મહોત્સવે
જન્મકલ્યાણકની ઉજવણી પ્રસંગે તાંડવ નૃત્યનું દ્રશ્ય.




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પ્રતિષ્ઠા મહોત્સવે વેદી શુદ્ધિ પ્રસંગે કળશ શુદ્ધિ તેમજ ધ્વજા-દંડ શુદ્ધિ બંને બેનો કરી રહ્યા છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



અમદાવાદમાં નવરંગપુરા જિનમંદિરમાં વેદી શુદ્ધિ વખતે કળશ શુદ્ધિ
થયા પછી પૂ. શાન્તાબેન કળશ ઉપર સ્વસ્તિક કરે છે.
(ઈ.સ. ૧૯૮૫)



રાજકોટમાં શ્રી સમવસરણ મંદિરજીમાં પૂ. બહેનો વેદી શુદ્ધિ કરી રહ્યા છે.
(વિ. સં. ૨૦૨૧)




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



ફતેપુર પંચ કલ્યાણ પ્રસંગે મહિલા મંડલ સંમેલનમાં
પૂજ્ય બેનશ્રી બેન સંબોધી રહ્યા છે, પૂજ્ય બેન કહે છે કે, આત્મા કોઈ પણ
મહિલા કે પુરુષ નથી માટે દ્રવ્યદષ્ટિથી જોતાં બધા આત્મા સમાન જ છે.





પૂ. ગુરુદેવશ્રીનું સ્વાગત - જુલુસ
અમરેલી - પંચકલ્યાણક પ્રતિષ્ઠા મહોત્સવ પ્રસંગ (વિ.સં. ૨૦૨૮)



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com


Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org




અમરેલીમાં શ્રી જિનેન્દ્રદેવની રથયાત્રાનું દૃશ્ય




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



અમરેલી પ્રતિષ્ઠા મહોત્સવે પૂજ્ય ગુરુદેવની પધરામણી પ્રસંગે
પૂજ્ય બેનના કાકા વજુકાકા પૂજ્ય ગુરુદેવ સાથે



અમરેલી પ્રતિષ્ઠા મહોત્સવે પૂજ્ય ગુરુદેવ સાથે
પૂ. બેનના કાકા નાનચંદભાઈ, મનુભાઈ ખારા વગેરે




અમરેલી પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્ય ગુરુદેવ પ્રવચન પછી
ઈન્દ્ર-ઈન્દ્રાણીઓને આજ્ઞા આપે છે.





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

૧૯૭૨માં અમરેલીની પ્રતિષ્ઠા પ્રસંગે પૂ. ગુરુદેવશ્રીની પ્રવચન સભામાં
શ્રી કાંતિભાઈ મોટાણી (ઈન્દ્ર બનેલા)





ॐ





Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



અમરેલી મંદિરના વેદી પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્ય ગુરુદેવની ઉપસ્થિતિમાં અને પૂજ્ય બેનશ્રી બેનોની ઉપસ્થિતિમાં તેઓના ભાઈ મુકુંદભાઈ તથા વસુભાભી ઝંડા આરોહણની બોલી લીધેલી છે. જેમાં પૂજ્ય બેનશ્રીબેન ધર્મ ધ્વજ ફરકાવી રહ્યા છે.



અમરેલીમાં પ્રતિષ્ઠા મહોત્સવે ઘટ યાત્રાનું દ્રશ્ય



પૂજ્ય બેન સાથે બાલુબેન કામદાર વેદી શુદ્ધિની રથયાત્રામાં
શ્રી જિનમંદિર તરફ જઈ રહ્યા છે.





અમરેલીમાં વેદી પ્રતિષ્ઠા મહોત્સવે
જુલુસમાં શ્રીજીને બિરાજમાન કરતા શશીભાઈ ખારા




પ્રતિષ્ઠા મહોત્સવે પૂજ્ય શ્રી ગુરુદેવના પ્રવચનોમાં જિનબિંબોની મહિમા કરે છે કે -
પ્રભુ મેરે તું સબ બાતે પુરા
પરકી આશ કહા કરે પ્રિતમ કઈ વાતે અધુરાં.




વેદી શુદ્ધિ પ્રસંગે કળશ શુદ્ધિ
તેમજ સ્વસ્તિકના ચિહ્‌ન પૂજ્ય બેન કરી રહ્યા છે.
અમરેલી



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



અમરેલી જિન મંદિરમાં વેદીશુદ્ધિ પ્રસંગે
શ્રી જિનેન્દ્ર વેદી પર કળશ સ્થાપના કરતાં પૂજ્ય શાન્તાબેન.



વેદીશુદ્ધિ બંને બેનો કરી રહ્યા છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



પૂજ્ય બેનનું મૂળ ગામ અમરેલી એટલે પોતાના ગામે
શ્રી જિનેન્દ્ર દેવની પધરામણી થતાં
બધા હર્ષ વિભોર થઈ રહ્યા છે.



અમરેલી પ્રતિષ્ઠા મહોત્સવે પૂજ્ય બેનને ભક્તિ ભાવ ઉછળતા ભક્તિ ગાય છે કે :-
આવો આવો શ્રી શાન્તિનાથ મારે ઘેર આવો રે...
મારા મનના મનોરથ આજ પુરા થાયે રે...
હું કઈ વિધ વંદુ નાથ, કઈ વિધ પૂજૂ રે...
મારે આંગણે શ્રી નેમી-પાર્શ્વપ્રભુ શાન્તિનાથ
જોઈ જોઈ હરખું રે...




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# અમરેલી વેદી પ્રતિષ્ઠા મહોત્સવ - વિ. સં. ૨૦૨૮



વેદી શુદ્ધિ પ્રસંગે પંડિતજી મંત્રોપચાર કરી રહ્યા છે,
અને બેનો ચાંદીના ફૂલથી ક્ષેપણ કરી રહ્યા છે.



અમરેલી જિનમંદિરના ભગવંતોનું દૃશ્ય




અમેરીલાના જિનમંદિરમાં શ્રી જિનેન્દ્ર દેવ પધારી રહ્યા છે.







Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



અમરેલીમાં વેદી પ્રતિષ્ઠા નિમિત્તે
પૂજ્ય બેન તેઓના ભાભુ સાથે પોતાના જુના સંસ્મરણો બતાવે છે.





પૂ. બેન ભાભુ સમરતભાભુના ઘર આંગણે પૂજ્ય બેન પધારતા આનંદ વ્યક્ત કરે છે.



જયપુર - શ્રી સિદ્ધચક્ર મહા મંડલ વિધાન પૂજન પ્રસંગે
(તા- ૨૩-૯-૧૯૮૪ થી ૨૯-૯-૧૯૮૪)



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

# જયપુર શ્રી સિદ્ધચક્ર મહા મંડલ વિધાન







Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com





જયપુર - શ્રી સિદ્ધચક્ર મહા મંડલ વિધાન

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

## જયપુરમાં શ્રી સિદ્ધચક્ર મહા મંડલ વિધાન પૂજ્ય શાન્તાબેન દ્વારા.

જયપુરમાં પૂજ્ય બેને પાટનીજી-પંડિતજીને કહ્યું તમે બધા વિદ્યાર્થીઓને જિનવાણીનો અભ્યાસ ક્રમસર ખૂબ જ સરસ કરાવો છો. જેથી બધા વિદ્યાર્થી પ્રત્યે બહુ જ વાત્સલ્યભાવ આવે છે, કે આ બધા વિદ્યાર્થીઓ જ પૂજ્ય ગુરુદેવનો ખરો પ્રચાર કરશે, આ બધા ભાવીના મોક્ષના મોતી છે.

નિત્ય ક્રમમાં શ્રી જિનેન્દ્ર સમૂહ પૂજા તો યથાવત કરે છે, પરંતુ વિધાન પૂજનના સંસ્કાર આપો તો વધારે સારું. ગામોગામ જેમ પ્રવચન, પાઠશાળા, શિબિરો માટે જાય છે, તો સાથે સાથે વિધાન પૂજન કરે તો સોનામાં સુગંધ મળશે.

પૂજ્ય બેનને જ વિચાર આવ્યો કે મારે જ શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજા બહુ મોટા રૂપમાં કરવાની ભાવના છે; પૂજ્ય બેન બોલ્યા અને પાટનીજી તથા પંડિતજીએ તુરત સ્વીકારી લીધું અને આઠ દિવસ ખૂબ ધામધૂમથી પૂજા કરાવી, અને ગામોગામ આમંત્રણ પત્રિકા મોકલી જેથી ઘણાં જ મુમુક્ષુઓ આવ્યા તથા જયપુર ગામમાંથી તથા આજુબાજુથી ઘણા મુમુક્ષુઓ પુરો લાભ લેતા, રાત્રે પંડિતજી પણ પ્રવચનમાં શ્રી સિદ્ધચક્ર વિધાન પૂજાની જયમાલા પર અપૂર્વ પ્રવચનો આપતા હતા. બધા વિદ્યાર્થીઓને એવા સરસ સંસ્કાર મળ્યા કે ગામેગામ પ્રવચન, શિબિરો તથા સાથે સાથે સમય અનુસાર વિધાન પૂજા પણ સારી કરાવે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



જયપુરમાં શ્રી સિદ્ધચક્ર વિધાન પૂરું થયું તેની ખુશાલી કરે છે.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



શરીરની પરવા કર્યા વિના અશક્ત શરીરે પણ હસ્તિનાપુરની
યાત્રા કરી રહ્યા છે, ત્યારે કહેતા કે ભાવોમાં ક્યાં અશક્તતા છે ?

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org






Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



જ્ઞાનીઓને ઉદય ઉદયનું કામ કરે છે અને જ્ઞાન ચેતના તેનાથી જુદી જ તરવરે છે હર્પીશ જેવો મહા ભયંકર રોગ શરીરે થયો હતો તેમાં એક મહિના પછી મંદતા આવી. પરંતુ તેઓ શાંતિ સમતાના ભંડાર હતા કે જે જોઈને સામે વાળાને લાગે કે આમને તો કાંઈ નથી. આવી જ્ઞાનીની દશા શરીરથી ભિન્ન પ્રત્યક્ષ દેખવામાં આવતી હતી.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



વિદિશામાં, પૂજ્ય બેન શીખરજીની યાત્રા માટે નીકળ્યા ત્યારે
વિદિશા પધાર્યા હતા. ત્યારે શ્રી સમયસાર જિનવાણીમાં સ્વસ્તિક કરી
જિનવાણી મંદિરમાં બિરાજમાન કર્યા હતા. (ઈ.સ. ૧૯૮૧)


164



બેટા રમા, આત્માનું જ્ઞાન-આનંદ સ્વરૂપ છે, તે વારંવાર યાદ કરવું.
હું શરીરથી અને રાગાદિથી તદ્દન જુદો છું, તેનું સ્મરણ કરતા રહેવું.
પૂજ્ય ગુરુદેવના વાક્યો, તને જે પ્રિય હોય, તેને વારંવાર યાદ કરવા.

- પૂ. શાંતાબેન

## શ્રી કુંદકુંદ જ્ઞાન ચક્રના વધામણા - શ્રુત પંચમી (ઈ.સ. ૧૯૮૫ - રાજકોટ)








Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

# શ્રી કુંદકુંદ જ્ઞાન ચક્રના વધામણા - શ્રુત પંચમી









Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

## શ્રુત પંચમીના પાવન દિને
## શ્રી કુંદકુંદ-જ્ઞાન-ચક્રના વધામણા



પૂજ્ય બેનની સમાધિના છેલ્લા પાંચ દિવસ પહેલા શ્રી કુંકકુંદ-જ્ઞાન-ચક્ર રાજકોટ આવેલ ત્યારે કહાનનગરના ઘર આંગણે હીરા-મોતી અને ચાંદીના ફૂલ ઉત્સાહપૂર્વક વધાવ્યાં તથા માંગલીક સંભળાવ્યું, અને શ્રી કુંદકુંદાચાર્યદેવની ભક્તિ સ્વયં રચી અને ત્યારે એવા ભાવથી ગાયું.

ધન્ય અવતાર કુંદકુંદનો રે લોલ...
કુંદકુંદને વંદન કરું ભાવથી રે લોલ...
શાસન સ્થંભ પ્રભુ જાગીયા રે લોલ...
શ્રુતકેવળી કુંદકુંદ દેવ છો રે લોલ...
ધન્ય સમાધિ મુનિરાજની રે લોલ...

આ પ્રમાણે ૧૦૪ ડીગ્રી તાવમાં પણ ભક્તિના ભાવો રોકી શકતા નહીં, બધા તો જોતા જ રહી ગયા.



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



જયંતિલાલ ચત્રભુજ કામદાર પરિવાર તરફથી સ્વ. ભાનુબેન તથા સ્વ. પ્રકાશની સ્મૃતિમાં
કામદાર પરિવાર તરફથી પ્રવચન રત્નાકર ભાગ-૭નું પૂ. બેનના વરદ્ હસ્તે વિમોચન કરી રહ્યા છે



જયાતભાઇ ચત્રભુજ કામદાર પરિવાર





શ્રી શત્રુંજય તીર્થધામમાં તળેટીમાં બેઠા બેઠા પાંડવ મુનિરાજની ભક્તિ કરતા પૂ. બેન



Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org


પૂજ્ય બેન શાંતાબેન જન્મ શતાબ્દી ઉપલક્ષમાં પ્રસ્તુત

## સાધનાના પથ પર


### પ્રકાશનાર્થે પ્રાપ્ત આર્થિક સહાયતા માટે આવેલી રાશિ

| | | |
|---|---|---|
| ૧. | એક મુમુક્ષુ બેન | ૬૫,૦૦૦ |
| ૨. | ભાનુબેન જયંતિભાઈ કામદાર, હસ્તે મીના, હીના, ઈલા - મુંબઈ | ૫૧,૦૦૦ |
| ૩. | કાંતાબેન મોતીલાલ પારેખ પરિવાર, લંડન | ૩૧,૦૦૦ |
| ૪. | ઈન્દુબેન નગીનદાસ શેઠ પરિવાર, હસ્તે પ્રીતિ-દિપક શેઠ તથા સુરભિ-ચેતન શેઠ, ઘાટકોપર | ૨૫,૦૦૦ |
| ૫. | સુધાબેન શાંતિલાલ મોટાણી પરિવાર, હસ્તે બંદિની-મયુર, મુંબઈ | ૨૫,૦૦૦ |
| ૬. | શારદાબેન રતીભાઈ ઘીયા, હસ્તે અશોકભાઈ ઘીયા, મુંબઈ | ૨૫,૦૦૦ |
| ૭. | લાભુબેન જગજીવનદાસ જૈન પરિવાર, દિલ્હી-મુંબઈ, પવૈઈ | ૨૧,૦૦૦ |
| ૮. | જયંતિભાઈ ચત્રભુજભાઈ કામદાર, હસ્તે નીલાબેન વિક્રમભાઈ કામદાર, પાર્લા | ૨૧,૧૧૧ |
| ૯. | મધુકાન્તાબેન નગીનભાઈ ભાયાણી, ભાવનગર | ૧૧,૦૦૦ |
| ૧૦. | બાલુબેન પ્રભુદાસ કામદાર, હસ્તે પ્રભાકરભાઈ, અમેરિકા | ૧૦,૦૦૦ |
| ૧૧. | જયાબેન રવીચંદ મહેતા, હસ્તે વંદાબેન અરૂણભાઈ, લંડન | ૧૦,૦૦૦ |
| ૧૨. | સવિતાબેન રસિકલાલ મહેતા, હસ્તે નિરુપમા અશોકભાઈ મહેતા, દહીસર | ૫,૦૦૦ |
| ૧૩. | મંજુલાબેન નાનાલાલ ટીલીયા, હસ્તે નીલા કે. ભાયાણી | ૫,૦૦૦ |
| ૧૪. | તરુબેન શીરીશભાઈ ખારા, પાર્લા | ૫,૦૦૦ |
| ૧૫. | પૂર્ણિમાબેન ચંદ્રકાંત મહેતા, દેવલાલી | ૫,૦૦૦ |
| ૧૬. | નીલા કિશોરભાઈ ભાયાણી, ભાવનગર | ૫,૦૦૦ |
| ૧૭. | ઈલા પંકજભાઈ ભાયાણી, ભાવનગર | ૫,૦૦૦ |
| ૧૮. | બીના જતીનભાઈ ભાયાણી, ભાવનગર | ૫,૦૦૦ |
| ૧૯. | ખુશ્બુ આનંદ ભાયાણી, ભાવનગર | ૫,૦૦૦ |
| ૨૦. | ધીરજશ્રી, સોનગઢ | ૫,૦૦૦ |
| ૨૧. | હસુમતી જગદીશભાઈ લોદરીયા, હસ્તે બ્ર. ઈન્દુબેન, સોનગઢ | ૫,૦૦૦ |
| ૨૨. | બ્ર. તારાબેન - મૈનાબેન, સોનગઢ | ૫,૦૦૦ |
| ૨૩. | બ્ર. ઉષાબેન વજુભાઈ શેઠ, અમદાવાદ | ૫,૦૦૦ |
| ૨૪. | ભરતભાઈ હરીલાલ ઈશ્વરલાલ જોશી, અમદાવાદ | ૫,૦૦૦ |
| ૨૫. | શોભનાબેન હસમુખભાઈ બિલખીયા, લંડન | ૫,૦૦૦ |

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com



Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org




Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com

Version 001: Updates at http://www.AtmaDharma.com & http://www.AtmaDharma.org

ॐ



સત્તાભૂમિમાંથી ઉપડેલો નિર્ણય - જ્ઞાન
તે જ હું છું
એવો નિર્ણય કરે છે.

卐

વાસ્તવિક રૂચિ તેને કહેવાય કે જે અનંત ગુણો સહિત પ્રગટે છે.

卐

અભેદના લક્ષે પ્રગટેલી રૂચિ અભેદતા લેતી જ પ્રગટે છે.

卐

સ્વનો સ્વામી થા તો તને તારો મહિમા આવશે.

卐

આત્મા સાક્ષાત ભગવાનરૂપે પ્રણમી જાય તે જ્ઞાન કલ્યાણિક છે.

"Mercury" A'bad. 079-2754 5211 (M) 93270 07016

Please report errors to Ramaben Parekh: WhatsApp +91 90115 91078 or email ramabenparekh45@gmail.com